
Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

# હરિભાવ

HARIBHAV (Gujarati Monthly) (Ahmedabad)

Vol. No. 27, Issue No. 12 10th September, 2023 Annual Subscription Rs. 50=00
વર્ષ : ૨૭, અંક : ૧૨ ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૨૩ વાર્ષિક લવાજમ રૂ. ૫૦=૦૦



(વસંતતિલકા છંદ)

હૈયે સમાન જીવમાત્ર જ સર્વ જેને,
ના રાગદ્વેષ કંઈ અંતરમાં વસે છે,
વ્હાલા ગણે પણ સ્વભાવથી ભક્તને તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.

- શ્રીમોટા

'તુજચરણે', શ્લોક-૩૩

હરિઃૐ



હરિઃૐ

મારે સમાજને બેઠો કરવો છે

સમાજ મારો ભગવાન (દેવતા) છે

હું સર્વત્ર વિદ્યમાન છું

પૂજ્ય શ્રીમોટાએ સમાજને બેઠો કરવાની પ્રવૃત્તિ માટે વર્ષ દરમ્યાન કુલ ચાર ઉત્સવ ઊજવવા મંજૂરી આપેલ, તેમાંથી પ્રાપ્ત થયેલ ભંડોળનો ઉપયોગ સમાજને બેઠો કરવાની પ્રવૃત્તિમાં જ કરવો. ઉક્ત પરિપ્રેક્ષ્યને લક્ષમાં લઈને હરિઃૐ આશ્રમ, નડિયાદ દ્વારા પૂજ્ય શ્રીમોટાના ૧૨૬મા જન્મદિન ઉત્સવ ઊજવવા માટે અમોને યજમાન તરીકેનો મહામૂલો અવસર પ્રાપ્ત થયેલ છે, તો સર્વે સ્વજનોને મિત્રવર્તુળ સહિત પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**- : સમૂહ ઉત્સવના યજમાન :-**

**નરોડા, અમદાવાદ તથા અન્ય સ્વજનો**

**સુરેશભાઈ વોરા - ૯૪૨૭૫ ૫૪૩૯૧ - કન્વીનર, સમૂહ ઉત્સવ સમિતિ**

● ઉત્સવ તથા ઉતારાનું સ્થળ ●

**શ્રી નરોડા કડવા પાટીદાર સમાજવાડી**

**નરોડા-દહેગામ રોડ, નરોડા, અમદાવાદ**

● ઉત્સવ કાર્યક્રમ ●

**તા. ૦૭-૧૦-૨૦૨૩, શનિવાર (સાંજે)**

- શોભાયાત્રા : બપોરે ૩-૦૦ થી ૫-૦૦ - નામસ્મરણ મંદિર નરોડાથી નીકળી ઉત્સવના સ્થળે જશે.
- સાંજે ૫-૦૦ થી ૭-૩૦ - સ્વજનો દ્વારા હરિઃૐ ધૂન અને ભજનો
- સાંજે ૭-૩૦ થી ૯-૦૦ - પ્રસાદનું આયોજન

**તા. ૦૮-૧૦-૨૦૨૩ રવિવાર (સવારે)**

- ૭:૦૦ થી ૭:૩૦ - ચા/કૉફી, અલ્પાહાર
- ૭:૩૦ થી ૮:૩૦ - સ્વજનો દ્વારા નિત્ય પ્રાર્થના, હરિઃૐ ધૂન અને ભજનો
- ૮:૩૦ થી ૧૦:૦૦ - ભજનો અને આરતી
- ૧૦:૦૦ થી ૧૧:૦૦ - પૂજ્ય શ્રીમોટા વિશે ઉદ્‌બોધન
- ૧૧:૦૦ થી ૧૧:૩૦ - આશ્રમનો અહેવાલ, આભારવિધિ
- ૧૧:૩૦ થી ૧૨:૩૦ - ગુરુવંદના (સમર્પણ વિધિ), મહાપ્રસાદ

**હરિઃૐ આશ્રમ, નડિયાદ 'ઉત્સવમાં આવનાર દાન' ડો. વિક્રમ સારાભાઈ એવોર્ડ માટેના ભંડોળમાં આપશે.**

**નોંધ :** તા. ૦૭-૧૦-૨૦૨૩ને શનિવારે બહારગામથી આવનાર સ્વજનોને ઉતારાના સ્થળે રાત્રિ રોકાણ માટે તેઓની સંખ્યા તા. ૦૫-૧૦-૨૦૨૩ (સાંજના ૬-૦૦) સુધીમાં નીચે જણાવેલ નંબર પર વ્હોટ્સએપ સંદેશો મોકલીને તેમ જ ફોનથી વાત કરવા વિનંતી.

**અરવિંદભાઈ આઈ. પટેલ : ૯૮૨૪૦ ૩૩૦૨૫** **રજનીભાઈ પટેલ : ૯૯૯૮૯ ૬૬૭૪૩**

● **AMTS** બસ : કાલુપુરથી ૧૨૮,૧૨૭, ૬૬/૩, લાલદરવાજાથી ૧૨૫ ● **BRTS** બસ : કાલુપુરથી ૫, ૮, ૧૪

પ્રકાશન સ્થળ :
બી/૫, સ્વસ્તિક ઍપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

**'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર**

# હરિભાવ

સંપાદક : **સુરેશચંદ્ર વોરા**
સહાયક : **વિવેક દેસાઈ**

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી વિવેક દેસાઈ, શ્રી બીરેન પટેલ
શ્રી સુરેશચંદ્ર વોરા
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (ઍરમેઈલથી)
એકથી દસ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા**
**'હરિવાણી ટ્રસ્ટ', C/o. સુરેશચંદ્ર વોરા**
**ડી-૫૦૧, પરિમલ ઍક્ઝોટિકા,**
**નવયુગ સ્કૂલ સામે, મોહનનગર વિસ્તાર,**
**નરોડા, અમદાવાદ-૩૮૨૩૩૦,**
**Mo. / SMS / Whatsapp - 9427554391**
**ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની**
**કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.**
**ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો.**

ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'
યુકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭
બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
**IFS Code : UCBA0001687**
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઇટ
**www.hariommota.org** ઉપર
'હરિભાવ' ઉપલબ્ધ હોય છે.
Email : hariommota1@gmail.com
મોબાઈલ : ૯૭૨૭૭ ૩૩૪૦૦
* Subject to Ahmedabad Jurisdiction

મુદ્રણશુદ્ધિ : **અંબિકા હરેશ પંડ્યા**

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર, મો.: ૯૩૨૭૦૩૬૪૧૪**

ટાઈટલ : **મયૂર જાની, મો. ૯૪૨૮૪૦૪૪૪૩**

**વર્ષ : ૨૭ અંક : ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૩**

**અનુક્રમ**

| ક્રમ | વિગત | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | પદ્યપ્રસાદી ................................ શ્રીમોટા | ૪ |
| ૨. | 'જે સરી જાય છે, તે સંસાર' ................ શ્રીમોટા | ૫ |
| ૩. | શ્રીસદ્‌ગુરુ દેવાધિદેવ છે ....... સમર્થ સ્વામી રામદાસ | ૬ |
| ૪. | ભગવાનની વાત કપોલકલ્પિત નથી ......... શ્રીમોટા | ૭ |
| ૫. | નામ જપ ......... પ.પૂ. શ્રીરંગ અવધૂતજી મહારાજ | ૮ |
| ૬. | ઉત્તમ સાધન : શરણાગતિ .................. શ્રીમોટા | ૧૨ |
| ૭. | પૂજ્ય શ્રીમોટાના ૧૨૫મા અવતરણ વર્ષ નિમિત્તે -૧૧ ............................ ઈશ્વરભાઈ સી. પટેલ | ૧૪ |
| ૮. | મા શારદાનો સર્વધર્મ સદ્‌ભાવ .............. અજ્ઞાત | ૧૬ |
| ૯. | પૂજ્ય શ્રીમોટાનાં સંસ્મરણો-૨ ..................... ..................... પૂનમભાઈ રણછોડભાઈ પટેલ | ૧૮ |
| ૧૦. | ઈડા, પિંગલા ઔર સુષુમ્ણા નાડી ................. .............................. સાવલીના સ્વામીજી | ૨૦ |
| ૧૧. | શ્રીમોટા : પ્રસંગરંગ 'મંડી પડો અમે તમારી સાથે છીએ' ................................ કાર્તિકેય અ. ભટ્ટ | ૨૧ |
| ૧૨. | એક નિવેદન ...................... ડૉ. શૈલેષ ગોટી | ૨૨ |
| ૧૩. | ઉપાધિ સંસારમાં નથી, પણ મનમાં છે ............. .......................... સ્વામી રામદાસ (પપ્પા) | ૨૪ |

દીસે બારે મેઘો સમ વરસતો પ્રેમ જીવને,
ડૂબે છે તેમાં જે, તરી જઈ બને ધન્ય બસ તે.
એ છે પ્રતાપ પદની રજધૂલિકાનો,
દાંડી પીટી જગતને કહું ધ્યાન લેજો.
'જીવનસંશોધન', પૃ. ૨૦ - શ્રીમોટા

# (૧) પદ્યપ્રસાદી

**શ્રીમોટા**

### જીવનરણકાર ન્યારો છે

હરિની યાદગીરી તે અમારું શું જીવનબળ છે,
હરિની યાદગીરીમાં અમારું સૌ સમાયું છે.
હરિની યાદગીરીથી જીવન મહેંકી રહેલું છે,
હરિની યાદગીરી તે જીવન ચલણી નાણું છે.
હરિની યાદગીરી તે જીવન સહુ કમાણી છે,
હરિની યાદગીરીથી જીવન ગાડું ગબડે છે.
હરિની યાદગીરીથી ધબકતું દિલ કરેલું છે,
હરિની યાદગીરીનો જીવન રણકાર ન્યારો છે.

પૃ.૧૭૬

### સમર્થ એકલો માત્ર હરિ

શરીરની સાવ કેવી તે કઢંગી શી દશા થઈ છે !
ઘડીપળ જાય પ્રત્યેક નિરાશાની જીવન વિશે.
કૃપાશક્તિનું તે માત્ર હવે કર્મ જરૂરનું છે,
હૃદયથી પ્રાર્થના કરીને કૃપા અવતરવા સ્તવું તો.
હું કરગરીને લળીલળીને હૃદયની પ્રાર્થના કરીને,
વીનવતો ભાવથી ઊંડા કૃપા કરવા હરિ તુજને.
સમર્થ એકલો માત્ર હરિ આ બાબતે તું છે,
વિના તુજ શક્તિ કોઈની કશી કારી ન ફાવે છે.

પૃ. ૧૭૭

### હરિને મોખરે જીવતો

હૃદયમાં શા શા અરમાનો જીવન પરત્વેના મુજને,
-ઊંડા ઊંડા જ પ્રગટીને, કર્યો વિચારતો ઊંડે !
જીવનના ધ્યેયની લગની હૃદય તેથી જ લાગી છે,
જીવનધ્યેય ફળવવાને મથાયું કેવું કેવુંયે !
ભૂમિકા કોઈ નૂતન જ્યાં પ્રગટતા તે જીવન વિશે,
નવા પથની કશી સૂઝ ન ત્યારે દિલ પડેલી છે.
છતાં આધાર સઘળો ત્યાં હરિની પર ધરી ધરીને,
- હરિને મોખરે જીવતો હૃદય ધારી, જીવેલો જે.

'જીવનતપ', ત્રી.આ., પૃ.૧૨૧

(દોહરા)

**ભાદરવે** ભલી વીજળી ઝબુકે ત્યમ ઉર સ્મર્ણ;
ઝબકી જાગી,ભાળું ન, દુઃખ પામું જ્યમ મર્ણ.

**ભાદરવે** ઝડીઓ પડે, હોરી વરષે અનંત
રાતદિવસ રોઈ રેલવું હેલ હું ભગવંત!
ગગને ઘન ગાજે ઊંડા ત્યમ પાડું ઉર સાદ;
ગરજી વરસે મેહુલો; સૂણે શેં નવ દાદ?

તલસે મન મળવા ઘણું ન્યાળું હું દશેય દિશ;
મર્ણ આથી અદકું ભલું, હોંશે અર્પું હું શીશ.
કોર્યું કાળજડું કાનુડે, ઉર ઉભળ્યું છે શૂળ;
સ્વપ્ને ભેટી છટકી ગયા; દીધું દાઝ્યા પર લૂણ.

પહેલેથી કૈં નવ ચેતિયાં, કે છે પ્રીતમાં પીડ;
અનુભવું છું રંક તે હવાં; આ શો ઉદ્વેગ અદીઠ!
કો આગળ જઈ ઠાલવું, મનનો આ ભાર?
લોક ન સમજે આ વાતમાં ઊલટી માને ગમાર.

દુઃખમાં લ્હેરો આવતી, ડસ્યો જાણે ભુજંગ;
ઝેર કેમે નવ ઊતરે પિયુ ચૂસે નહિ ડંખ.
પ્રાણ પ્રોવાયો રહે દાસીનો છીપે ઉર ન પ્યાસ;
કાળજાનું દર્દ કાં, લહી પૂરે નવ તું આશ?

સંદર્ભ : પ્રાર્થનાંજલિ - 'પૂજ્ય શ્રીમોટાની સાધનાકાળની પ્રાર્થનાઓ'માંથી સાભાર. આ પુસ્તક હવે પ્રગટ થવા જઈ રહ્યું છે. ❑

હરિઃૐ
કર્મ માત્રાની સિદ્ધિમાં પાંચ કારણ જાણ તું,
સાધન, સ્થાન ને કર્તા, ક્રિયા ને દૈવ પાંચમું
'જીવનગીતા', સાતમી આ., અધ્યાય-૧૮, પૃ.૨૮૫, કડી-૨૯

## (૨) 'જે સરી જાય છે, તે સંસાર' શ્રીમોટા

ખરેખરો અને સાચેસાચો સંસારનો તાપ જે જીવને લાગે છે તે જીવને સંસારમાંથી મન પાછું હઠાવી લેતાં વાર લાગતી નથી. **સંસારનો તાપ ભલભલા તાપ કરતાં ઘણો આકરો છે.** એમાંનો તલમાત્ર જેટલો (તાપ) આપણે તો સહન કર્યો નથી. એ સંસારના તાપમાં તપીને રાતા તાંબા જેવા જે જીવ થયા હોય અને તેમાંથી પાછા વળ્યા હોય અને અંતર્મુખ થયા હોય તે જીવ ઘણા પાકટ થાય છે. તેવા જીવો સંસારમાં લોભાતા નથી. કોઈ વખતે એવું પણ બને છે કે એવા જીવો માયામાં લપટાઈ જાય છે. નારાયણ કરતાં લક્ષ્મીનું જોર, પ્રભાવ અને પ્રતાપ સંસારમાં સોએ સો ટકા છે. મૂર્ખ અને સાવ અણસમજુ હોય પણ જો ખૂબ ધનાઢ્ય હોય તો બધા તેને 'શેઠ સાહેબ કહીને' માન આપવાના, પણ જો સદ્‌ગુણવાળો અને સદ્‌ભાવયુક્ત એક તદ્દન ગરીબ ભિખારી હોય તેને હાડછેડ કરતાં સંસારી લોકને વાર લાગતી નથી.

એટલે આપણે મન તો સંસારનું મૂલ્યાંકન તદ્દન જુદી રીતનું હોવું ઘટે. **'જે સરી જાય છે તે સંસાર.'** જે જતો રહેવાનો છે અને રહેવાનો નથી તેને વિશે તે વળી આટલી બધી મથામણ શી ? તેની સાથે આ મન તેમાં ને તેમાં પડ્યું રહે છે અને મન એના વિચારમાં લથબથ રહ્યા કરે છે, એની તે શી વાત કરવી ? મન વડે જ બંધન અને મોક્ષ છે. મનમાં જેવો ભાવ, ભાવના, લાગણી કે વૃત્તિ રહેવાની તેવો તેવો સંસાર લાગવાનો છે માટે, આપણે તો બધાંના મૂળરૂપ મનને ફેરવવાનું છે. માટે, ત્યાં સદાય ભક્તિનો તાલ રહ્યા કરે તો મન સરળતાથી પાંસરું રહે. આ તો પાંસરું જ રહેતું નથી ત્યાં એની શી વાત કરવી ? અને એને ઠેકાણે પાડ્યા સિવાય કશું કામ પણ થવાનું નથી. માટે, મનને ઘણી ઘણી મથામણ કરાવ્યા કરવાની છે, વારેવારે ઘડી ઘડી એને ટકોર્યા કરી, સંકોર્યા કરી, સંકેલવાનું છે ! જાગ્યા વિના જગાવાનું નથી. બાકી તો સંસાર આપણને ગળી જશે. માટે, આપણે તો બસ જાગો, જાગો અને જાગો જ. સદાય મનને જાગૃત રાખવું. મન જો જાગૃત રહીને શ્રીપ્રભુના મનન, ચિંતવન અને નિદિધ્યાસનમાં જીવી શકાયું તો કંઈક સાધન કરી શકીશું. જાગૃત મન જે સાધના કરી શકે છે, તે જ સાધના ફળી શકે છે.

જે માણસને જે રસ્તે જવું પડે છે તે રસ્તે જતાં આડાઅવળું થવાતાં એકદમ સમજણ પડે છે અથવા તો પોતે રસ્તે જતો હોય અને ભૂલો પડ્યો છે તેવું ભાન થતાં સાચા રસ્તાની પૂછપરછ કરે તો રસ્તો જડી આવે છે. જેને સાચે ઠેકાણે પહોંચવું છે અને પોતે વારંવાર ભૂલું પડાતાં ચેતીને સીધે રસ્તે ચડે છે તે કોઈક વખત તો સીધે રસ્તે ચડી જવાનો છે એટલી વાત તો નક્કી.

**સાધનાનું પરિણામ પ્રકૃતિ અને સ્વભાવનું રૂપાંતર.** તે માટે આપણે પ્રખર પુરુષાર્થ કર્યા કરવો પડશે, તે વિના કશો દહાડો વળવાનો નથી. જેની કૃપામદદથી ચડવાનું કરીએ છીએ તેનામાં એવી શક્તિ છે કે કેમ તેનો પાકો, દૃઢ નિશ્ચયનો અનુભવ થયા વિના તેનામાં મન, બુદ્ધિ, ચિત્ત પ્રાણ અને અહંકાર પણ ઠરવાનાં નથી. **પ્રભુકૃપાથી મળેલાં સ્વજનોને એવા કંઈક અનુભવ થયેલા છે**, પરંતુ તેમની ભૂમિકા સાચી જ્ઞાનપ્રેમભક્તિ રંગથી પૂરી રંગાયેલી નહિ હોવાથી, જીવનવિકાસનાં પગલાંમાં જેવો ઉઠાવ થવો ઘટે તેવો થઈ શક્યો નથી.

'જીવનમંડાણ', ચોથી આ., પૃ. ૧૭૪ ❑

## (૩) શ્રીસદ્‌ગુરુ દેવાધિદેવ છે

**સમર્થ સ્વામી રામદાસ**

સદ્‌ગુરુ વિનાનો સત્‌શિષ્ય હોય તોપણ તે વ્યર્થ છે અને જો સત્‌શિષ્ય ન હોય તો સદ્‌ગુરુનો શ્રમ વ્યર્થ જાય છે. સદ્‌ગુરુ સંપૂર્ણ કૃપા કરે છતાં શિષ્ય જો અનધિકારી હોય તો તે પણ ભાગ્યશાળી પિતાના ભિખારી પુત્રની પેઠે જાણવું. સદુપાસના, સત્કર્મ, સ્વધર્મ, સત્સંગ અને નિરંતર નિત્યનિયમ એ સર્વનો જ્યાં યોગ હોય ત્યાં શુદ્ધ જ્ઞાન સ્થિર થાય છે. સદ્‌ગુરુ જો ધારે તો અનેક પ્રયત્નો વડે શિષ્યના અવગુણોને બદલી શકે છે. એટલા માટે સદ્‌ગુરુ હોય તો જ સન્માર્ગની પ્રાપ્તિ થાય. સદ્‌ગુરુના વચનમાં પૂર્ણ વિશ્વાસ રાખી અનન્ય ભાવથી સદ્‌ગુરુના શરણ થઈને રહેવું, તે જ મુખ્યત્વે કરીને સત્‌શિષ્યનું લક્ષણ છે. અને તેને સત્‌શિષ્ય જાણવો.

સંસારનાં દુઃખોથી દુઃખી થયેલો હોય અને જે ત્રિવિધ તાપથી દગ્ધ થયેલો હોય તે જ પરમાર્થ માર્ગનો અધિકારી થયો એમ જાણવું. જેણે ઘણું દુઃખ ભોગવ્યું હોય તેનામાં વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. સંસારનાં દુઃખોને લઈને જ વૈરાગ્યની ઉત્પત્તિ છે. જેની પાછળ સંસારનો ત્રાસ હોય તેનામાં પરમાર્થ પ્રત્યે વિશ્વાસ ઊપજે છે અને એ વિશ્વાસના બળથી જ તે સદ્‌ગુરુ-ચરણનો આશ્રય પકડે છે. જે સદ્‌ગુરુના વચનથી શાંતિ પામી ચૂક્યો હોય તેને સાયુજ્યમુક્તિનો અધિકારી સમજવો. સંસારનાં દુઃખોથી તે કદાપિ દુઃખી થતો નથી.

સદ્‌ગુરુથી પણ જેને દેવ શ્રેષ્ઠ લાગે છે તે અભાગીઓ છે. સદ્‌ગુરુસ્વરૂપ જ નિત્ય છે અને સદ્‌ગુરુના અભાવે જે હરિ-હરાદિક સગુણ દેવોને શ્રેષ્ઠ માને છે તે અભાગીઓ છે, કેમ કે કલ્પના અંતમાં સગુણ દેવોનું સામર્થ્ય ચાલતું નથી. માટે સદ્‌ગુરુનું સામર્થ્ય અધિક છે. સદ્‌ગુરુના સામર્થ્યની આગળ બ્રહ્માદિક દેવો કાંઈ જ નથી, પરંતુ રંક એવા અલ્પબુદ્ધિ મનુષ્યો તે જાણતા નથી. સદ્‌ગુરુદેવની તથા દેવતાઓની જે તુલના કરે તે શિષ્ય દુરાચારી જાણવો. તેના અંતરમાં ભ્રાંતિ ઊપજવાને લીધે સિદ્ધાંત વાત જાણી શકતો નથી. મનુષ્યોએ ભાવના વડે દેવને કલ્પીને મંત્રો વડે તેનામાં દેવત્વ આણેલું છે, પરંતુ સદ્‌ગુરુસ્વરૂપ તો ઈશ્વરથી પણ કલ્પી શકાય તેમ નથી. એટલા માટે દેવથી કોટિગણા વધારે એવા સંપૂર્ણ રીતે સદ્‌ગુરુ જ છે. **સદ્‌ગુરુપદથી વિશેષ ચડિયાતું અન્ય કશું જ નથી.** તો પછી માયાજનિત દેવસામર્થ્ય તે કેટલું ?

જેના ઉપર સદ્‌ગુરુની કૃપા થઈ છે તેની આગળ બીજાનું સામર્થ્ય ચાલી શકે નહિ. સદ્‌ગુરુકૃપાના બળથી અને અપરોક્ષ જ્ઞાનની પ્રબળતાથી માયા સાથે અખિલ બ્રહ્માંડ તેના કાંઈ લેખામાં જ હોતું નથી. સત્‌શિષ્યનો વૈભવ આવો હોય છે. સદ્‌ગુરુના વચન ઉપર સત્‌ શિષ્યનો દૃઢ વિશ્વાસ હોય છે, તેથી સ્વતઃ જ દેવાધિદેવ (સદ્‌ગુરુ) બની જાય છે. અનુતાપ વડે અંતઃકરણ તપ્ત થવાથી ચિત્તશુદ્ધિ થયા પછી સદ્‌ગુરુના વચનથી શાંતિ પામીને એ વચનને અનુરૂપ ચાલવા-વર્તવા માંડે. એટલે બ્રહ્માંડ ઊંધું વળી જાય તોપણ તેમનો શુદ્ધ ભાવાર્થ-અચળ ગુરુભક્તિ ચલાયમાન થાય જ નહિ અને સદાચરણી બનીને શુદ્ધ ઈશ્વરસ્વરૂપ થઈ જાય છે.

'શ્રીદાસબોધ', પ્ર.આ; પુનઃપ્રકાશન, પૃ. ૨૦૨ ❑

## (૪) ભગવાનની વાત કપોલકલ્પિત નથી

એક ભાઈએ મને સવાલ કર્યો કે 'ભગવાન ખુશામતખોર હોય તો એનો શો ખપ ?' મેં કહ્યું, 'ભજન કરવું એટલે ખુશામત કરવી એમ થાય ?' તો કહે, 'હા.' તો મેં કહ્યું, 'તમે ના કરશો.'

**ભગવાનનું ભજન કરવું એટલે રાગદ્વેષ મોળા પાડવા. ક્રોધ ના કરવો. બધાં પ્રત્યે સદ્‌ભાવ રાખવો. સમતા કેળવીએ - એવી રીતે વર્તીએ એનું નામ ભજન છે.** બાકી, એકાદ કલાક નામ દઈએ અને પછી એમ જ વર્તીએ તેનું નામ ભજન નહિ.

સંસારમાં જેની સાથે સંકળાયા છીએ તેની સાથે મેળ રાખીને વર્તીએ તો તે પણ ભગવાનનું ભજન જ છે. માટે, કૃપા કરીને આટલું તો જરૂર કરજો. એકબીજાને સ્વભાવથી ત્રાસ-મુશ્કેલીઓ થાય છે તે પણ નહિ થાય. **જો તમે એટલું પણ નહિ કરો તો મારી સાથે જે સંબંધ રાખો છો તેનો પણ કશો અર્થ નથી.**

જીવનવહેવારના ક્ષેત્રમાં, કમાવાના ક્ષેત્રમાં આટલું તો જરૂર શીખજો. મેળ રાખવામાં નીચા જવાની વાત જ નથી. ભાઈ, ભાઈને માટે, સ્વજનને માટે પ્રેમ રાખવામાં નીચા જવાનું છે શું ? દરેક કોયડાના ઉકેલ છે. થોડી ધીરજ રાખવી.

વળી, કોઈ પૂછે કે 'આ ભગવાનથી ફાયદો શો ?' આપણે તો સ્વાર્થી લોકો. જેનાથી આપણું હિત સધાતું હોય તેનું આપણે બહુ જાળવીએ. દા.ત. કોઈ આપણને મદદ કરતો હોય તો એ આપણું અપમાન કરે તોપણ નીચી મૂંડીએ સાંભળી લઈએ અને સંબંધ બાંધી રાખીએ. એવી જ રીતે **ભગવાન જેવો બીજો કોઈ મદદગાર નથી. કોઈ સાંસારિક મદદગાર હોય તેના કરતાં એ વિશેષ છે.** જો તમે તમારું મોં એના તરફ ફેરવી લો તો એ દેખાય.

સાંસારિક જીવનવહેવારના સંબંધમાં જેનો આપણને ખપ છે તેનું ગમે તેવું આડુંતેડું ચલાવી લઈએ છીએ ! **ભગવાન સાથેનો સંબંધ કેળવશો તો એ તમે માગશો તે આપશે, પણ જો તમે એની સાથે સંબંધ કરી દો તો !** આપણા ગુજરાતમાં નરસિંહ મહેતા થઈ ગયા. એમનાં ઘણાં કામ ભગવાને કર્યાં, કોઈ કહેશે કે એ તો અતિશયોક્તિ કરી અને એમને થઈ ગયે ૨૦૦-૨૫૦ વર્ષ થઈ ગયાં.

પણ પુનિત મહારાજની વાત તો હમણાંની છે. એ તો ગરીબ હતા. પ્લૅટફૉર્મ ઉપર સૂઈ રહેતા. એમણે આપણા કરતાં ઘણાં ભારે કાર્યો કર્યાં. ઘણા માણસોને જમાડ્યા અને નેત્ર-દંતયજ્ઞો પણ કર્યાં. ઘણા લોકોને છાનું દાન કર્યું છે. ગરીબ બ્રાહ્મણોને જનોઈ આપી. એવાની તો કલ્યાણની જ ગતિ છે. **ભગવાનની વાત એ કપોલકલ્પિત નથી.** એ આપણો ગુલામ નથી હોતો, પણ એની ઉપર આપણને જો પ્રેમ થઈ જાય તો એ આપણાં ઘણાં કામ કરી દે છે.

ભગવાનને ભજશો તો સંસારના ક્લેશ-તાપમાં રાહત થશે. માટે અમે કહીએ છીએ કે એટલા માટે પણ એને ભજો. **ભજશો તો સંસારના ક્લેશ તાપમાં રાહત થશે.** સંસારમાં દુઃખ, ત્રાસ, મુશ્કેલીઓ તો આવવાની જ, એટલા માટે પણ એને ભજો-એમાં તમને રાહત થશે. કોઈએ મને આજ સુધી એમ કહ્યું નથી કે મને સંસારમાં સુખ છે. દુઃખ જાતે ઊભું કરીએ છીએ. અહમ્‌ના કારણે બીજાને ગણકારતા નથી.

'મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા', ચોથી .આ., પૃ. ૭ ❑

*(પૂજ્ય શ્રીરંગ અવધૂત મહારાજે ૭૦મી જન્મજયંતી અવસરે કંપાલા, આફ્રિકામાં પ્રવચન આપેલું, તેનું પ્રકાશન શ્રી આનંદીમા ગુરુ ધ્યાનયોગીજી કલ્યાણ કેન્દ્ર દ્વારા પ્રકાશિત સામયિક 'ધ્યાનીકૃપા'ના જુલાઈ ૨૦૨૩ના અંકમાંથી આ લેખ સાભાર પ્રકાશિત કરાયો છે. - સંપાદક)*

હું કાંઈ પણ બોલું તે પહેલાં એક એક નમ્ર વિનંતા કરી લઉં કે અનેક વક્તાઓએ મારે માટે ઓળખાણ રૂપે કે અન્યથા જે કાંઈ કહ્યું છે, તે બધું આપ સૌ ભૂલી જશો અને હું જે કાંઈ બોલું તેના તરફ જ ધ્યાન આપશો.કંપાલાના લોકોએ મારા માટે જે અસામાન્ય આદર બતાવ્યો છે તે મારો નથી પણ હું જે માનવતા કે હિંદુધર્મ હિન્દુસંસ્કૃતિ અને ભારત દેશનો પ્રતિનિધિ છું તેનાં છે, તેને જ ઘટે છે એવું પૂરા ભાન સાથે સ્વીકારી તમારી એ સદ્ભાવના, આકર્ષણ ને સન્માન સદાયને માટે ટકી રહો અને એના મૂકપ્રચારને માટે મથતા મારા જેવા અન્ય સુહ્રદયજનોને તમારો બધાનો સક્રિય સહકાર આવી જ રીતે મળતો રહો એવી મનિષા અને જગન્નિયંતા પરમાત્મા પાસે પ્રાર્થના કરું છું.

એક દેવં ત્રિધાભૂતં નાનારૂપધરં વિભૂમ્ ।
નાનાનામસમાહૂતં વ્રજામિ શરણં હરિમ્ ॥
સાધુ ભૂખા ભાવકા, ધનકા ભૂખા નાહીં
ધનકા ભૂખા જો ફિરે, વો તો સાધુ નાહીં !
ચાહ મીટી ચિન્તા મીટી, મનવા બેપરવાહ;
જિસકો કછુ ન ચાહિયે, સો હિ શાહનાશાહ !
પ્યારાં આત્મસ્વરૂપો !

હું શું બોલું ? હું કોઈ ઉપદેશક કે આચાર્યની હેસિયતથી અહીં નથી આવ્યો; કોઈ ઠેકાણે એમ જતો પણ નથી. હું તો પ્રભુનો એક કુત્તો છું. છું તો એક નાચીજ કુત્તો, પણ પ્રભુનો છું. રોટલાના એક શાશ્વત ટુકડા માટે એને દ્વારે પડી રહું છું, એનું નામ ભસતો. તૂ તૂ કહી પ્રેમથી એનો લાડીલો કોઈ બોલાવે તો પાસે જાઉં છું અને હડે કહી ધૂત્કારે તો શાંતિથી મૂળ ઠામ ભાગું છું.

જ્યાં જાઉં છું ત્યાં લોકો પૂછે છે - આ હડહડતા કલિકાળમાં જીવનકલહ દિવસે દિવસે વધતો જ જાય છે. લાંબા લાંબા સાધન કરવાને વખત પણ મળતો નથી અને એટલી ધીરજ પણ નથી. માટે સર્વસાધારણ જનતા માટે પરમાત્મા કે શાશ્વત સુખશાંતિની પ્રાપ્તિ માટે તદ્દન સરળ અને સહેલું સાધન કયું ?

મેં મારો સંદેશ એક જ ટૂંકા સૂત્રમાં આપી દીધો છે કે શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાત્મન્. કલ્યાણકાંક્ષી હે જીવ ! પ્રતિશ્વાસ શ્રીદત્તનું - જેણે તને બધું આપ્યું છે તે પરમાત્માનું નામસ્મરણ કર, હંમેશા પ્રભુની યાદમાં જીવન વ્યતીત કર.

અનન્તપારં કિલ ધર્મશાસ્ત્ર
સ્વલ્પં તથાયુર્બહશ્ચ દોષાઃ ।
નૈકો મુનિર્યસ્ય મતં ન ભિન્નમ્
મહાજનો યેન ગતઃ સ પન્થાઃ ॥

શાસ્ત્રનો પાર નથી. એ બધાં ક્યારે જાણવાનાં ને સમજવાનાં ? માણસનું આયુષ્ય ઘણું ટૂંકું

છે; કાળ ક્યારે ગળચું પકડશે કોને ખબર ? અને એ ટૂંકા આયુષ્યમાં પણ વ્યાધિ, વ્યવસાય, કલહ, પ્રમાદ વગેરે અનેક દોષ રહેલા છે. તેમાંય વળી એક મુનિ યોગને પ્રાધાન્ય આપે તો બીજો કર્મને; કોઈ જ્ઞાનને વખાણે તો કોઈ ભક્તિનાં બણગાં ફૂંકે, એમ કોઈને મન એક તો બીજાને બીજું ગમે ! એ બધી શબ્દોની ભુલભુલામણીમાં જીવ એકવાર પેઠો કે બહાર નીકળવાનો રસ્તો જ ન મળે. એ ત્યાં ને ત્યાં જ શબ્દોની સાઠમારીમાં પૂરો થવાનો. માટે એ બધું બાજુએ મૂકી સત્પુરુષો જે માર્ગે ગયા તેના સ્મરણનો રાજમાર્ગ પકડી ચાલવા માંડવું એ જ આજના યુગમાં શ્રેયસ્કર છે.

કોઈ પણ આધ્યાત્મિક, અનુભવ-પ્રતીતિ સાચાં છે કે કેમ એ નાણી જોવા માટે શાસ્ત્રીય રીત આ છે. શાસ્ત્રપ્રતીતિ, ગુરુપ્રતીતિ અને આત્મપ્રતીતિ એ ત્રણ એક હોવાં જોઈએ. શાસ્ત્ર એક કહે, ગુરુ કાંઈ બીજું જ બોલે અને આપણે કાંઈ ત્રીજું જ અનુભવીએ તો એ અનુભવ પૂર્ણ વિશ્વાસ કરવા લાયક નથી એમ જાણવું. ગુરુ નાનક કહે છે.

'નાનક દુખિયા સબ સંસારા,
જો સુખિયા સો નામ આધારા'

સંસાર સઘળો દુઃખથી ભરેલો છે. જે કોઈ પૂર્ણ સુખી છે, તેના સુખનો પાયો ભગવન્નામ સ્મરણ જ છે.

આપણાં શાસ્ત્ર પણ કહે છે કે-

હરેર્નામૈવ નામૈવ નામૈવ ભવતારણમ્ ।
કલૌ નાસ્ત્યેવ નાસ્ત્યેવ નાસ્ત્યેવ ગતિરન્યથા ॥

આ અટપટા કલિકાળમાં એક ભગવન્નામ જ તારક છે. વ્યવસાય-બાહુલ્ય, ખટપટ ને કલહથી ભરેલા આ જમાનામાં સર્વ સાધારણ મનુષ્ય બીજું કરી પણ શું શકે ?

કબીર સાહેબ કહે છે તેમ :-

'ભૂખે ભોજન પ્યાસે પાની, નંગે બસ્તર દીજે;
સાધો રામભજન કર લીજે'

ભૂખ્યાને અન્ન, પ્યાસાને પાણી, નંગાને વસ્ત્ર, માંદાને માવજત, અભણને જ્ઞાન વગેરે પરમાત્માએ જેને જે આપ્યું હોય તે પરાર્થે વાપરી પ્રભુના નામનું સતત સ્મરણ કરવું એ જ અત્યારના જમાનામાં તો ઉન્નતિનો આમરાહ છે.

ભગવન્નામ સ્મરણનું રહસ્ય એ છે કે એણે આપણે માટે ઉત્પન્ન કરેલી અનેક વસ્તુઓનું સ્મરણ જાગ્રત રહી, આપણે પણ પ્રેરણા લઈ અન્ય માટે તેમ કરતા રહીએ અને વસ્તુ માત્ર પ્રભુનું સર્જન હોવાથી તેનાં બાળકો માટે એનો ઉપયોગ કરી, નિરહંકાર વૃત્તિ કેળવીએ.

જ્ઞાની સમ્રાટ કેવલાદ્વૈતના બાદશાહ ભગવાન આદ્ય શંકરાચાર્ય પણ શું કહે છે ? જુઓ :-

ગેયં ગીતાનામસહસ્ર ધ્યેય શ્રીપતિરુપમજસ્રમ્
નેયં સજ્જનસંગે ચિત્તં દેયં દીનજનાય ચ વિત્તમ્
ભજ ગોવિંદં ભજ ગોવિંદં ભજ ગોવિંદં મૂઢમતે

ગેયં ગીતાનામસહસ્રં પરમાત્મા અનંત છે. તેના નામ અનંત છે. તેમાંથી આપણને ગમે તે કોઈ પણ નામનું સતત સ્મરણ કરવું અને તેના પથ્ય તરીકે ગીતા, રામાયણ કે કોઈ ઋષિતુલ્ય સંતવચનોનો સ્વાધ્યાય, પઠન મનન કરવું. કેમ કે ફાવે તેવી રામબાણ દવા કે કિંમતી રસાયણ લેવામાં આવે અને બધા દ્વાર છૂટા મૂકી, કોઈ પણ જાતની ચરી પાળવામાં ન આવે તો એ દવાથી કાંઈ જ ફાયદો થતો નથી. ભગવન્નામ લેવા છતાં કેટલાકમાં એનું પરિણામ જોવામાં

નથી આવતું તેનું કારણ - આ ઉપર જણાવેલા પથ્યનો અભાવ છે અને તે માટે જ ગીતા જેવા કોઈ અધ્યાત્મગ્રંથના નિત્ય પઠન મનનની જરૂર છે.

ધ્યેયં શ્રીપતિરૂપમનજસ્ત્ર-સતત નામસ્મરણની સાથે પ્રભુના અખંડ ધ્યાનની પણ જરૂર છે કે જેથી આંખ સામે કોઈ ઉત્તેજક કુદૃશ્ય આવે તો પણ મનમાં કુભાવ ન જાગે.

નેયં સજ્જનસંગે ચિત્તં - આજે તો જ્યાં ત્યાં દુઃસંગ ને ખટપટનું વાતાવરણ જોવામાં આવે છે. સાદા ભોળા માણસો એમાં અટવાઈ અવનતિ અને દુઃખના ખાડામાં ન પડે તે માટે ત્રીજા ચરણમાં આચાર્યશ્રી કહે છે કે, હંમેશાં થોડો સમય પણ સત્ સ્વરૂપને પામેલા સંતપુરુષનો સહવાસ કરવો કે જેથી તે સંતની વૃત્તિ પ્રત્યક્ષ જોવાનો અવસર મળે અને ચિત્તના આવરણ-વિષયાધ્યાસ દૂર થઈ નવા વિકાર ઉદ્ભવવા ન પામે.

અને છેવટે ઉપર ટાંકેલી કબીર સાહેબની ઉક્તિ પ્રમાણે આચાર્યશ્રી પણ કહે છે - દેયં દીનજનાય ચ વિત્તમ્ આપણને પરમાત્માએ બક્ષેલી કોઈ પણ સંપત્તિથી, નિરપેક્ષ નિરહંકાર ભાવે સેવા કરવી.

દાનવદૃષ્ટિ છોડી દો-મનુષ્ય માત્રમાં, અરે ! પ્રાણીમાત્રમાં દેવદૃષ્ટિ રાખી પરમાત્મસ્વરૂપનો સાક્ષાત્કાર કરો. એના સર્જનમાં કોઈ ઊંચું નથી, કોઈ નીચુંય નથી. ઊંચ-નીચ, ગરીબ-તવંગર, સુશિક્ષિત-અશિક્ષિત વગેરે ભેદો આપણી દૃષ્ટિમાં છે, માનવસર્જિત છે. માણસે પોતાના સુખને માટે અને તે પણ ઐહિક-નાશવંત સુખને માટે બીજા બધા સર્જનને દુઃખી કરી તેનો દુરુપયોગ કરવા માંડ્યો છે; અને તેથી જ તે દુઃખમાંથી ઉપર આવી શકતો નથી. 'ખાડો ખોદે તે પડે' એ ન્યાયે માનવીએ બીજાને માટે ખાડા ખોદી પોતાના માટે ઐશ્વર્યના મહેલ ચણવા માંડ્યા છે. એટલે જે એ પોતે દિનપ્રતિદિન દુઃખના પાતાળકૂવામાં ગબડી રહ્યો છે. તેથી જ એક સૂત્રમાં ભગવન્નામસ્મરણના પથ્યરૂપે અવધૂતે કહ્યું છે કે પરસ્પરદેવો ભવ તમે બીજામાં દેવત્વ નિહાળતાં શીખશો તો બીજો પણ તમને દેવ નીરખશે અને અંતે શાશ્વત સુખમાં આળોટવાનાં બધાંનાં જ સ્વપ્નો સિદ્ધ થશે.

નામ (ન આમ) એ આમ જનતાનું નેતિ છે. જીવને શિવ સુધી પહોંચાડવાનો પુલ છે. ભવરોગનું અચૂક ઓસડ છે. દુઃખિયાનો વિસામો છે. સુખિયાનાં આનંદનું અધિષ્ઠાન છે. નિર્ધનનું ધન છે. રોગીનું સ્વાસ્થ્ય છે. અભણનો આશરો છે ને ભણેલાનું અહંભૂત ભગાડનાર છે.

પણ નામ કોનું લેવું ? કોઈ કહે છે રામ મોટો, કોઈ કહે છે કૃષ્ણ મોટો, કોઈ કહે છે શિવનું નામ સારું તો કોઈ કહે છે દત્તનું નામ મોટું. પણ આ બધું અજ્ઞાન છે. ઈશ્વર એક છે. એનાં નામ અનેક છે. રૂપ અનેક છે. વસ્તુતઃ તો એનાં અનેક નામ ને રૂપ હોવા છતાં એ તો તત્ત્વતઃ અનામી અરૂપી જ છે. કોઈ પણ નામરૂપની કેદમાં સપડાયેલો નથી. રામકૃષ્ણાદિ એનાં અનેક નામરૂપોની માફક ઈશ્વર અનેક હોત તો આજે વિશ્વસંસ્થા (UNO)માં ચાલતી લાતંલાતાની માફક એમનામાં હુંસાતુંસી ચાલી હોત અને વિશ્વના આ નંદનવનનું ક્યારનુંય નરાકાગાર થઈ ગયું હોત. માટે અવધૂતે બીજે કહ્યું છે તેમ :-

'રામ કહો, કે રહેમાન કહો, ઈષ્ટ કહો કે

ક્રાઈસ્ટ કહો, કૃષ્ણ કહો કે કરીમ કહો, દત્ત કહો કે દાતાર કહો, વિબુધ કહો કે બુદ્ધ કહો, આતમ કહો કે પ્રીતમ કહો, ઈશ્વર કહો કે અલ્લા કહો, જિન કહો કે જિહોવાહ કહો, ગોંડ કહો કે ગુણેશ કહો-ગણેશ કહો, અઉર્મઝ્દ કહો કે આત્મમસ્ત કહો, પરબ્રહ્મ કહો કે પરમેશ્વર કહો, વિશ્વાત્મા કહો કે વાસુદેવ કહો, શિવ કહો કે પીર કહો, રંગ કહો કે રબ કહો, પુરુષોત્તમ કહો કે પારસનાથ કહો, ભગવતી કહો, મેરી કહો, મરિયમ કહો કે માતા કહો, કે બીજું કાંઈ કહો, પુલ્લિંગી, સ્ત્રીલિંગી, નપુંસકલિંગી ફાવે તે નામથી એને પોકારો, જે કાંઈ છે તે એ જ છે, અનંત નામોમાં એ એક જ અખિલાકાર અનામી રહેલો છે ! અનંતરૂપમાં એ એક જ અરૂપી લપાયેલો છે !'

માટે નામના ઝઘડા મૂકી એ નામીને પકડો. મૂળ વસ્તુને શરણે જાણો અને નિર્ભય નચિંત થઈ બધે વિચરો.

વસ્તુ નામથી ના પલટાયે, અન્ય વધે અમૃત વિખ ન્હોયે; ઝઘડા વ્યર્થ તમામ, મૂકો ગોઝારો અભિમાન ! રામ કહો કે શ્યામ સઘળે એક જ એ ભગવાન !

છેવટે-

આપ્નુવન્ત્વત્ર કં સર્વે પાયાત્સર્વાન્ મહેશ્વર

લાભાલાભૌ સમૌ મત્વા સર્વે જીવન્તુ નિર્ભયાઃ

એવા શુભાશિષ સાથે ૐ શાંતિઃ !

શાન્તિઃ !! શાન્તિઃ !!!

(પરમ પૂજ્ય શ્રી રંગઅવધૂતજી દ્વારા ૭૦મી રંગજયંતીના અવસરે કંપાલા, આફ્રિકામાં ૧૦-૧૧-૧૯૬૭ના રોજ આપેલ આશીર્વચન, 'અમર આદેશમાંથી' સાભાર.)

હરિઃૐ

**'પ્રકૃતિ જીવદશાની જે, અનુભવીની પ્રકૃતિ**
**- શો ફેરફાર બંનેમાં આસમાન જમીનનો'**

પૂજ્ય શ્રીમોટા કહે છે : 'દેખીતી રીતે અનુભવી અને જીવદશાવાળામાં આપણને કોઈ જ ફેર જણાતો નથી. અનુભવીનું વર્તન આપણને સામાન્ય જીવો જેવું જ જણાય છે, આમ છતાં આ બંનેમાં મોટો તફાવત રહેલો છે. અનુભવી પ્રકૃતિનો સ્વામી હોવાથી જ્ઞાનપૂર્વકનાં હિતોની ચેતનાત્મક સભાનતા તેનામાં રહેલી હોય છે. હેતુને ફળાવવા માટેની ઉત્કટ જાગૃતિ તેનામાં હોય છે. આવી જાગૃતિ જીવદશાવાળામાં હોતી નથી.' શ્રીમોટા કહે છે : 'જીવદશાવાળા જીવોમાં અનુભવી ત્યારે જ પ્રવેશે કે જ્યારે આવા જીવો સ્વીકારાત્મક ભૂમિકામાં આવે. નિમિત્ત પ્રકારના (સંસારજીવો) જ્યાં સુધી સ્વીકારાત્મક ભૂમિકામાં ન આવે ત્યાં સુધી અનુભવી તેઓમાં નિમિત્ત બની શકતો નથી. આથી જે જે જીવો નિમિત્ત સાથે સંકળાયેલા હોય તે તે જીવોને જીવતીજાગતી ચેતનાત્મક અભિમુખતા પ્રગટાવવા સરળતા, સગવડ અને સ્વીકારાત્મક ભૂમિકા અપનાવવી પડશે.'

સાભાર : પૂજ્ય શ્રીમોટાવિરચિત - 'નિમિત્ત' - એક અભ્યાસ, પ્ર. આ. પૃ. ૭૧

## (૬) ઉત્તમ સાધન : શરણાગતિ

શ્રીમોટા

જીવનવિકાસને માર્ગે આપણી આંગળી પકડીને દોરી જનાર એવો સદ્‌ગુરુ મળ્યો હોય અને જેના વિશે શ્રદ્ધા, વિશ્વાસ, ભક્તિ, જીવતાંજાગતાં થયા હોય, એને સર્વ ભાવે અને સર્વ રીતે જીવનવિકાસને યોગ્ય એવા જ્ઞાનથી શરણાગત રહ્યા કરવું એના જેવી કોઈ ઉત્તમ સાધના નથી. પુરુષાર્થ કરતાં કરતાં અથવા વધારે સાચી રીતે તો થયા જતાં, થયા જતાં, અમે તો એને જ શરણે રહ્યા કરતા હતા. પળેપળ ગુરુમહારાજની સ્મૃતિચેતના અમારા દિલમાંથી ખસતી ન હતી. અમારા દિલમાં એની લગની લાગી હતી. એટલે તો અમારી સાધના સહજ અને સરળ બની શકી. અમારા વિશે અમારે કશો દાવો કરવો નથી, તે પણ નક્કી જાણજે. હૈયાની ભાવનાને સમજવી અને અનુભવવી એ બહુ મુશ્કેલ કામ છે. પૂરેપૂરી જ્ઞાનપૂર્વકની પ્રેમભક્તિ પ્રગટ્યા વિના તે સમજાઈ શકાવાની પણ નથી. એટલે પોતે પોતાને વધારે ને વધારે ઊંડી રીતે પૃથક્કરણ કરી કરીને સમજવાનું રાખવું. કોઈને પણ અમારો એવો આગ્રહ હોતો નથી કે અમને જ વળગી રહો. અને એમ 'વળગી રહો' એમ કહેવું એ મિથ્યા છે. જેને ગરજ લાગી હોય તે જ વળગી શકે અને જ્યાં લાગી હોય છે ત્યાં જ વળગી રહેવાય છે.

### ગુરુશિષ્યનો અતૂટ સંબંધ

જીવનવિકાસનો માર્ગ એ દોહ્યલો, અતિવિકટ અને મુશ્કેલ હોવા છતાં જો લગની લાગી જાય તો ઘણો સરળ છે. જીવનનું તે વિના કશું ધ્યેય હોઈ શકે પણ નહિ. અમારાથી તે તે જીવનું ધ્યેય પૂરેપૂરું ફલિતાર્થ થઈ શકશે એવું પણ અમારાથી કહી શકાય એમ નથી. અમારી લાચારી તો અપરંપાર છે. જેવી ભૂમિકા મળે તેમ તેમ તેવું કામ થતું જાય. પ્રભુકૃપાથી અને તેના બળથી અમારે ભાગે જે કામ આવેલું છે, તે તો ભગવાન કરાવશે એવી જીવતી શ્રદ્ધા છે. બધાં મળેલાં સ્વજનોનો અમારામાં રાગ પ્રગટે એટલે જીવનના તાણાવાણામાં તેઓ કોઈ ને કોઈ કાળે ગૂંથાઈ જ રહેવાનાં છે અને જો પ્રભુકૃપાથી ચેતન પ્રગટેલું હોય તો કોઈ ને કોઈ કાળે તેમનામાં પણ પ્રગટવાનું છે, એવું ગણિતશાસ્ત્ર છે. આપણો ધર્મ, આપણું કર્મ અને આપણી ફરજ ભગવાનના જ્યારે પૂરેપૂરાં થઈ જઈએ છીએ ત્યારે તે પ્રમાણે અદા કરાવવાને તે આપણને પ્રેરાવતો રહે છે અને તેમાં મીનમેખ ફરક પણ પડી શકતો નથી એવો જીવતોજાગતો અનુભવ થયેલો છે. તેથી, અમે તો પ્રભુકૃપાથી સદાય નિરાંતવાળા રહી શકીએ છીએ, પરંતુ સામો જીવ પૂરેપૂરી જ્ઞાનપૂર્વકની જાગૃતિ ન સેવી શકતો હોય કે તેને ન લાગતી હોય, જીવનનું મહત્ત્વ અને રહસ્ય પણ જેને ન સમજાતું કે ન સમજાયું હોય-એવા જીવને તો કોટિ કોટિ કાળ સુધી અથડાયા કરવાનું રહેશે, પરંતુ અમારી તેમનામાં પ્રભુકૃપાથી લાગણી હોવાથી તે અમારાથી છૂટો થઈ શકવાનો નથી. અમે સ્થૂળ રીતે જેવા સ્વરૂપમાં છીએ તેવા સ્વરૂપમાં હોઈએ કે ન હોઈએ તોપણ અમારો સંબંધ છૂટી શકતો નથી. જે જીવ જીવનવિકાસની ભાવનાને દઢાવી

દૃઢાવીને, મનનાં બધાં વલણોને સમજી સમજીને ભાવનાનો વિકાસ કર્યે જાય છે અને જ્યાં જ્યાં નકારાત્મક વલણ પ્રગટે ત્યાં ત્યાં થંભી જઈને તેના વહેણમાં ન તણાતાં, તટસ્થતાથી એવા વલણને પ્રભુકૃપાથી નકારે છે, તેવો જીવ આજ નહિ તો કાલ જાગવાનો જ છે. જેને જવું છે તે તો ગયા કરશે. જેને ચાલવું છે તે તો ચાલ્યા કરશે. જેને જવું નથી કે ચાલવું નથી અને ખાલી પડી રહેવું છે, એને જ અનેક પ્રકારનાં નખરાં થયાં કરતાં હોય છે. એટલે શ્રીપ્રભુકૃપાથી આ જીવ તરફથી મદદ કે પ્રેરણા અને સહાનુભૂતિ, ચેતનાભાવે જો હૃદયની ભાવના આ જીવમાં રહ્યા કરતી રહેશે તો તેનો તેવો અનુભવ જરૂર થવાનો, એ વાત નક્કી માનજે.

અનેક પ્રકારના રોજના રોજ વિચારોથી આત્મનિવેદન દ્વારા જાણ કરાવતી રહેજે. કશું પણ છુપાવવાપણું ના રહે તેનો દૃઢ ખ્યાલ રાખજે. આ જીવ વિશેની પૂરેપૂરી ખાતરી ના થાય ત્યાં સુધી આ જીવ સાથે ન જોડાવું એવી પાકી સલાહ છે.

'જીવનમંડાણ', પાંચમી આ., પૃ. ૫૧-૫૩ ❑

## પૂજ્ય શ્રીમોટાની કૃપાનો એક પ્રસંગ

જ્યોતીન્દ્ર તમાકુવાળા

પૂજ્ય શ્રીમોટાના ૧૨૫મા અવતરણ વર્ષ નિમિત્તે, પૂજ્યશ્રીની કૃપાનો એક અવિસ્મરણીય પ્રસંગ. લગભગ ૧૯૫૨-૫૩ની સાલની વાત છે. સુરત હરિઃૐ આશ્રમના એક સક્રિય સભ્ય શ્રી શાંતિભાઈ તમાકુવાળા એ મારા મામા થાય, એમનો સમગ્ર પરિવાર પૂજ્ય શ્રીમોટાનો અનુયાયી, એમના બીજા ભાઈ ચુનીભાઈ તમાકુવાળાને એ જમાનામાં અસાધ્ય બીમારી ટી.બી. છેલ્લા તબક્કામાં હતો. ડૉક્ટરોનાં સૂચન મુજબ એમને સૂકી હવા હોય એવા સ્થળે રાખવાના હતા. સૌરાષ્ટ્રમાં વઢવાણ શહેરમાં એમને રાખવાનું નક્કી થયું. એ સમયે મામાની સાથે મારા પૂજ્ય બા સવિતાબેન તમાકુવાળા ત્યાં એમની સાથે રહે એવું નક્કી થયું. હું ત્યારે ખૂબ નાનો હતો એટલે મને પણ સાથે લઈ ગયા હતા. અહીં સૂકું હવામાન મામાની તબિયત માટે બહુ અનુકૂળ ગણાય. એક દિવસની વાત છે. રાતના સમયે એકાએક મામાની તબિયતે પલટો માર્યો, મામાને લોહીની ઊલટી શરૂ થઈ. અચાનક આવું થતાં મારા પૂજ્ય બાએ હરિઃૐ મોટાનું નામ-સ્મરણ શરૂ કર્યું. હું પણ જિજ્ઞાસાવૃત્તિથી એમાં જોડાયો. આશરે એકાદ કલાક બાદ મામાની તબિયતમાં સુધારો થવા લાગ્યો. રાતભર મામા શાંતિથી ઊંઘી શક્યા. એને ઈશ્વર કૃપા માની લીધી. બે ચાર દિવસ બાદ જાણવા મળ્યું કે જે સમયે મામાને લોહીની ઊલટી શરૂ થયેલી, એની થોડાવાર પછી સુરતમાં પૂજ્ય શ્રીમોટાને લોહીની ઊલટી રાતભર થતી રહી. આ પ્રસંગ મારા જીવનમાં યાદગાર બની રહ્યો છે. પૂજ્યશ્રીની કૃપા વરસે તે આપણું સદ્‌ભાગ્ય. આવા સદ્‌ભાગ્યની ઘટનાનો હું સાક્ષી બન્યો એ મારું પણ સદ્‌ભાગ્ય. હરિઃૐ...હરિઃૐ...

 ઈશ્વરભાઈ સી. પટેલ

### પૂજ્ય શ્રીમોટા સાથે સંપર્ક

સને ૧૯૭૨માં પૂ. શ્રીમોટાનો પહેલો સંપર્ક થયો હતો. અંત્રોલીના પૂ. મોટાના ચાહક શ્રી છત્રસિંહકાકા હતા. મારા બાપુજી ગર્વમેન્ટ ઓડિટર હતા. તેઓ અંત્રોલીની સહકારી મંડળીનું ઑડિટ કરવા ગયા ત્યારે તેમણે છત્રસિંહકાકા સાથે ચર્ચા કરતાં જણાવ્યું કે જહાંગીરપુરમાં એક સાચા સંત છે. તમે જરૂરથી તેમને મળવા જજો. આ વાત બાપુજીએ મને કરી. એક રવિવારે સવારે ૪-૦૦ વાગ્યે તેમને સાયકલ પાછળ બેસાડી ડબલ સીટ સવારી પહોંચી હરિઃૐ આશ્રમ. ત્યારે અમારી પાસે કોઈ સ્કૂટર કે કાર નહોતી. પછી આ ક્રમ નિત્ય ચાલ્યો. રવિવારે પૂ. મોટા, આશ્રમમાં સત્સંગ કરતા અમે ચૂપચાપ બેસી રહેતા અને શાંતિથી જે થાય, જે સંભળાય તેને માણતા રહેતા. એક રવિવારે બાપુજીએ પૂ. મોટાને મારી ઓળખાણ આપતાં કહ્યું કે, ‘મોટા, આ મારો દીકરો છે.’ પૂ. મોટાએ લાગલું જ પૂછ્યું, ‘શું કરે છે ?’ મેં કહ્યું, ‘બૅંકમાં નોકરી.’ પૂ. મોટાએ ફરી પૂછ્યું, ‘કેટલું ભણ્યો છે ?’ મેં કહ્યું, ‘એસ.એસ.સી.’ આ સાંભળીને મોટા તાડૂક્યા અને બોલ્યા, ‘કેમ, નોકરી મળી ગઈ એટલે ભણવાનું નહિ ?’ ‘આગળ ભણ, આગળ ભણ.’ ત્યારે મારી નોકરીના ૧૨ વર્ષ થઈ ગયાં હતાં. હું જૂની એસ.એસ.સી. ભણ્યો હોવાથી નવી ૧૦-૧૨ની તરાહ પ્રમાણે મારે નવી ૧૦ પછી ૧૧ અને ૧૨મું પાસ કરવું પડે તો કૉલેજમાં એડમિશન મળે. હવે એ તો શક્ય ન ગણાય. તો કેમ કરી કૉલેજમાં એડમિશન મળે, દુવિધા હતી. ઘણી કૉલેજમાં પ્રવેશ માટે પ્રયત્ન કર્યા એ પ્રયત્નો કરતાં કરતાં ૧૦ વર્ષ વીતી ગયાં પણ મને મોટાએ એવો ધમકાવેલો અને ધક્કો મારેલો તે મેં પ્રયત્નો ચાલુ જ રાખ્યા. મોટા મને એ માટે ફોર્સ કરતા હોય તેવું અનુભવેલું. તે મારો પીછો કરતા હોય, મારી પાછળ પડી ગયા હોય તેવું લાગતું છેવટે એડમિશનના કાગળો લઈ એક વર્ષ દ. ગુ. યુનિવર્સિટી ઉપર પહોંચી ગયો. ત્યાં વાઈસ ચાન્સેલર ઉપેન્દ્ર બક્ષી સાહેબની ઑફિસે પહોંચી સીધો જ સાહેબ પાસે પહોંચી ગયો. પટાવાળો પાછળ દોડ્યો, મને કહે, ‘ઓ, ભાઈ વગર પરમિશને અંદર ક્યાં જાઓ છો ?’ મેં એને સાંભળ્યા અને ગણકાર્યા વગર સાહેબના ટેબલ પાસે પહોંચી ગયો. સાહેબે મને પૂછ્યું, ‘શું કામ આવ્યો છે ?’ મેં કહ્યું સાહેબ મારે ભણવું છે, માટે કૉલેજ કરવી છે, પણ મને એડમિશન મળતું નથી. સાંભળી સાહેબે કહ્યું, ‘અહીં તો કોઈને ભણવું નથી ને આવે છે, તારે તો ભણવું છે.’ મેં કહ્યું, ‘મારે તમારી ડિગ્રીની જરૂર નથી. મારે નોકરી છે તેને પણ ૧૦ વર્ષ થઈ ગયાં છે.’ મને કહે, તો પછી ભણવાની શી જરૂર છે ? તેનો જવાબ મેં આપ્યો, ‘સાહેબ, મારે તો ભણવા ખાતર ભણવું છે.’ સાહેબ આ સાંભળી ખુશ થઈ ગયા. પણ બોલ્યા કે, બાવા બાર વર્ષે કેમ જાગ્યા ? મેં તળપદી ગભરાયા વગર જવાબ આપ્યો કે, જો

તમે એડમિશન ન આપશો તો બાબા સૂઈ જશે. મારા આવા સવાલ-જવાબથી સાહેબ પ્રસન્ન થઈ મને કહે, 'લાવ, લાવ, જા તારા જેવાને હિમાલય પણ રોકી ન શકે અને સાહેબે ફૉર્મ લીધું અને સહી સિક્કા કરી આપ્યા.' મોટા કેવી અસીમ કૃપા; અશક્યને શક્ય કરી બતાવ્યું. આ સાહેબે નિયમને બાજુએ મૂકી એડમિશન આપ્યું. તેમાં પણ મોટાએ જ જાદુ કર્યો લાગે. હું ૧૦-૧૦ વર્ષ ફૉર્મ લઈ એડમિશન માટે આ કૉલેજ-પેલી કૉલેજ ભટકતો રહ્યો તે પણ કોની પ્રેરણાને, ધક્કાથી અને હું નવયુગ કૉલેજમાં દાખલ થયો. ૧૯૮૧ની સાલમાં. નોકરીમાં ૧૯૭૧માં દાખલ થયો એસ.એસ.સી. (જૂની)ના સર્ટિફિકેટના આધારે. ત્યારે આટલું ઓછું એજ્યુકેશન હોય તોપણ નોકરી મળી જતી હતી. હું ગ્રેજ્યુએટ થયો અને માસ્ટર ડિગ્રી પણ મેળવી. અને તે પણ ફર્સ્ટ ક્લાસ મેળવીને આ ડિગ્રીઓ હાંસલ કરી. મને આ ડિગ્રી કૉલેજમાં લેક્ચરર તરીકે નોકરી અપાવી શકે પરંતું મારે બૅંકમાં ૧૦ વર્ષ થઈ ગયાં હોવાથી પ્રયત્ન ન કર્યા. પૂ. મોટાની આ અસીમ કૃપાથી હું ભણ્યો. મોટાએ કેવું દૂરંદેશીપણું વિચાર્યું હશે ? આ છોકરો ભણશે તો કંઈ લખી શકશે. સાહિત્યકાર થઈ શકશે. એવી મોટાની અગમચેતી ગણો કે ભવિષ્યમાં બનવાનું જોઈ શક્યા હશે. તેમની કૃપાથી હું કવિ અને લેખક થઈ શક્યો. હિમાલયની અશક્ય એવી કૈલાસ-માનસરોવરની યાત્રા પગપાળા ૨૦૦૦૦ની ઊંચાઈ સુધી જઈ તેનું વર્ણન કરતું પુસ્તક લખ્યું. બીજી કવિતાના કાવ્યસંગ્રહો મળી કુલ ૯ (નવ) પુસ્તકો લખ્યાં અને પ્રસિદ્ધ થયાં અને તેમાંનાં કેટલાક તો હરિઃૐ આશ્રમના મૌનરૂમોમાં બેસીને લખ્યાં છે. અને જે ઝડપથી લખાયાં તે ઘરે શક્ય જ ન હતું. પૂ. મોટા સાથે ૧૯૭૨ થી ૧૯૭૬ તેમના અંતિમ હરિઃૐ આશ્રમ સુરતના નિવાસ દરમ્યાન મારાથી જે કંઈ સેવા થઈ, મને કરવા સદ્‌ભાગ્ય મળ્યું તે સમય સુધી હું સેવા દરમ્યાન તેમનો સ્પર્શ, તેમની વાણી અને કૃપાને પાત્ર બન્યો એ માટે પ્રભુનો પાડ માનું છું. પૂ. મોટાના આશીર્વાદ આજીવન મળતા રહે એવી વંદના. પૂ. મોટાનાં ચરણોમાં વંદન.

હરિઃૐ

**જ્ઞાનદાન સહયોગ**

**વડોદરાનિવાસી પૂજ્ય શ્રીમોટાનાં સ્વજન શ્રીમતી તરુલતાબહેન નંદુકુમાર ચાવડા તા. ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ દેહાવસાન પામેલ છે. તેઓએ પૂજ્ય શ્રીમોટાની પોતાના નિવાસસ્થાને પધરામણી કરાવી હતી અને પૂજનઅર્ચન કરેલ હતું. તેમની સાથેના તેમના ફોટોગ્રાફ્સ પણ 'હરિભાવ'ના આ અંકમાં પ્રકાશિત કરવામાં આવેલ છે. તેમના પરિવાર દ્વારા 'હરિભાવ'ના આ અંકના પ્રકાશનમાં સહયોગ અપાયો છે તે બદલ તેમના પરિવાર પ્રત્યે ઘણો ઘણો આભાર વ્યક્ત કરીએ છીએ તથા તેઓશ્રીના આત્માને પૂજ્ય શ્રીમોટા યશકલ્યાણ પ્રેરે તેવી પ્રાર્થના .**

**- સંપાદક**

## (૮) મા શારદાનો સર્વધર્મ સદ્ભાવ

**અજ્ઞાત**

*(સેવા રૂરલ ઝઘડિયા જિ. ભરુચ તરફથી 'સેવા સુવાસ' નામે ત્રિમાસિક સામયિક પ્રકાશિત થાય છે, જાન્યુઆરી ૨૦૨૩ થી માર્ચ ૨૦૨૩ના અંકમાંથી આ લેખ સાભાર લેવાયો છે. **સંપાદક**)*

મા શારદા પોતે બ્રાહ્મણ કુટુંબનાં હોવા છતાં, દલિતો, કાર્યસ્થો અને મજૂરો તરફ કોઈ પણ જાતના વર્ણ કે જાતિભેદ રાખ્યા સિવાય સર્વધર્મ પ્રત્યે સમભાવ રાખેલો. આ સંદર્ભના ઘણા પ્રસંગો છે.

આ પ્રસંગ પોતે બ્રાહ્મણ હોવા છતાં એક કાર્યસ્થ વૈદ્યો સાથેનો બતાવેલો સમભાવ દર્શાવે છે. પોતાની ભત્રીજી રાધુને એક કાયસ્થ કુટુંબના ભક્ત જે માના પરિવારના સભ્યોની ખૂબ આદરપૂર્વક નાનીમોટી સેવા કરતાં હતાં તેને આ તારો મોટો ભાઈ છે એમ કહીને પ્રણામ કરાવ્યા. એક વૈદ્ય રાધુની સારવાર કરતા હતા જે પોતે બ્રાહ્મણ જ્ઞાતિના ન હતા. આ વૈદ્ય જ્યારે રાધુને તપાસવાનું કામ પૂરું કર્યું ત્યારે રાધુને માએ તેમનાં ચરણે નમન કરવા કહ્યું, રાધુ પગે લાગી. વૈદ્યના ગયા બાદ ત્યાં હાજર રહેલાઓ તે બ્રાહ્મણ હતા કે નહિ તે અંગે પૂછપરછ કરી, માએ જવાબ આપ્યો, ના તે વૈદ્ય છે, બ્રાહ્મણ નથી. એક શિષ્યે પૂછ્યું તો પછી તમે રાધુને તેમને પ્રણામ કરવાનું શા માટે કહ્યું, શ્રીમાએ જવાબ આપતાં કહ્યું રાધુ તેમને પ્રણામ શું કામ ન કરે ? તે કેટલા વિદ્વાન છે તે માણસ બ્રાહ્મણ જેવો જ છે તો, તેમને પ્રણામ ન કરે તો કોને કરે ? શું તારું પણ માનવું નથી, બેટા ?

**ખ્રિસ્તી ધર્મ :** તે રૂઢિચુસ્ત જમાનામાં યુરોપિયન લોકો જોડે કોઈ પણ જાતનો વ્યવહાર રાખનારનો સમાજ બહિષ્કાર કરતો. વિદેશીઓને મંદિરમાં જવા માટે પ્રતિબંધ હતો. ત્યારે માતાજી સ્વામી વિવેકાનંદનાં યુરોપિયન શિષ્યા માર્ગરેટ નોબલ એટલે કે સિસ્ટર નિવેદિતા જ્યારે ભારતીય સમાજનાં એક અંગ બનીને દેશની સેવા કરવા માટે કોલકતામાં આવ્યાં ત્યારે તેમના માના રૂઢિચુસ્ત હિન્દુ સ્ત્રીભક્તો સાથે રહેવાનો; એક અંગ બનીને દેશની સેવા કરી શકે. સ્વામીજી માટે આ કોયડો ઉકેલવો મુશ્કેલ હતો. પરંતુ મા શારદા તેમની વ્હારે ચઢ્યાં. તેમને નિવેદિતાને પોતાની દીકરી તરીકે સ્વીકાર્યા અને તેમને પોતાની પાસે એક જ ઘરમાં રાખ્યાં. સ્વામી વિવેકાનંદે તેમના ગુરુભાઈને પત્રમાં લખ્યું છે કે 'માતાજી અહીં છે. કેટલીક યુરોપિયન અને અમેરિકન મહિલાએ એક દિવસ એમને મળવા ગઈ. તમે માની શકો છો કે માએ એ બધાની સાથે ભોજન પણ લીધું કેવી ઉદારતા !'

ભગિની નિવેદિતાએ એક પુસ્તકમાં માની ખ્રિસ્તી ધર્મને સમજવાની ઉદાર દૃષ્ટિ વિશેનો પરિચય આપતાં લખ્યું છે કે, 'એક વખત ઈસ્ટરના દિવસોમાં મા અમારે ઘેર પધાર્યાં હતાં. આ દિવસે તેઓ અમારા આખા ઘરમાં ફરી છેવટે પૂજાના ઓરડામાં બેઠા અને મને ઈસ્ટરનું

મહત્ત્વ સમજાવ્યું. ઈસ્ટરમાં ગવાતાં ભજનો અને સંગીતમાં માને તેમાં રહેલા ભાવની અનુભૂતિ જોઈને પહેલી જ વખત અમે માની આધ્યાત્મિકતાની ઉચ્ચ અવસ્થાનાં દર્શન કર્યાં. બીજા એક દિવસે માએ મને અને મારી ગુરુ ભગિનીને યુરોપિયન લગ્નવિધિ સમજાવવાનું કહ્યું. ખૂબ જ આનંદ અને હાસ્યથી અમે વરવધૂ તો કોઈકવાર પાદરી બનીને તેમને અમારી લગ્નવિધિ સમજાવી. ત્યારબાદ છેવટે લગ્નના શપથ 'દુઃખમાં કે સુખમાં, સંપત્તિમાં કે વિપત્તિમાં, માંદગીમાં કે તંદુરસ્તીમાં મૃત્યુ આપણને છૂટાં ના પાડે ત્યાં સુધી છૂટાં પડીશું નહિ.' તે સાંભળીને મા ત્યાં બેઠેલા બીજા બધા કરતાં ખૂબ આનંદમાં આવી ગયાં અને સૌથી વધારે ખુશી થતાં વારંવાર એનું પુનરુચ્ચારણ કરાવ્યું અને બોલ્યાં, કેવા ધાર્મિક શબ્દો ! કેવા પવિત્ર શબ્દો !

**મુસ્લિમ ધર્મ :** આ જ પ્રમાણે ઈસ્લામ ધર્મ પાળતા મુસ્લિમો માટે પણ તેઓ સમભાવ રાખતા તેને લગતો એક પ્રસંગ વાંચીએ. અમજાદ નામનો એક મુસ્લિમ ધાડપાડુ હતો, જેણે માના મકાનની દીવાલો ચણવામાં મદદ કરી હતી.

આ મુસ્લિમ ભાઈને માએ પોતાના ઘરના ઓટલા પર જમવા બેસાડેલો. માની ભત્રીજી નલિનીદેવીને જે આભડછેટને લીધે ચોકમાં ઊભા ઊભા દૂરથી ખાવાનું ફેંકતાં હોય તેમ પીરસતાં હતાં. આ જોઈ મા બોલી ઊઠ્યાં : 'આવી રીતે પીરસે તો કોઈ માણસ સારી રીતે ખાઈ ન શકે, તું ન આપી શકે તો હું આપીશ.' જમવાનું પૂરું થતાં માએ પોતે જ એંઠી જગ્યા સાફ કરી. ભત્રીજી નલિનીને ઠપકો આપતાં બોલ્યાં, 'શરત (સ્વામી શારદાનંદ) જેવો મારો દીકરો છે, આ અમજાદ પણ તેવો જ છે.'

જયરામવાટીમાં બાજુના ગામમાં રહેતા બરશત અલી પોતાના કાકા પાસેથી સાંભળેલા પ્રસંગોની વાત કરતાં કહે છે કે તેમના શેખ કુટુંબના કાકાઓ હિન્દુઓનાં ખેતરોમાં ખેડવાનું કામ તેમજ બળદગાડી ચલાવવાનો ધંધો કરતા હતા. મા શારદા જયરામવાટીથી કામારપુકુર, કુઆલપાડા કે વિષ્ણુપુર જવાનું હોય ત્યારે શેખ કુટુંબની બળદગાડી ભાડેથી બોલાવતાં. આ શેખ કુટુંબની બીબીઓ પણ માને મળવા જતી અને પોતાની બધી વાતો ખુલ્લા મને માને કહેતી અને મા પણ તે વાતો શાંતિથી સાંભળતાં. આ શેખ કુટુંબ સાથે માનો એટલો ઘરોબો થઈ ગયો કે તેમના ખેતરમાં થતાં શાકભાજી, વિવિધ ફળો, ગોળ વગેરે વસ્તુઓ તેઓ માને ભેટ આપવા લઈ જતાં પરંતુ મા તેઓને સમજાવી પટાવીને યોગ્ય ભાવે એ બધી વસ્તુઓ સ્વીકારી લેતાં. આ કુટુંબની વડીલ મુસ્લિમ બહેન સલમાબીબીને મા 'માસી' કહીને બોલાવતાં. તેઓની દરગાહમાં જ્યારે મુસ્લિમ ધર્મનો ઉત્સવ ઉજવાતો ત્યારે મા દરગાહ પર ચઢાવવા મીઠાઈ અને પ્રસાદી મોકલતાં. શેખ મફતાએ એક દિવસ માનો આ વ્યવહાર જોઈને પૂછ્યું, મા તમે તો હિન્દુ હોવા છતાં અમારા ધાર્મિક ઉત્સવ પ્રસંગે આવી બધી ભેટ કેમ મોકલો છો ? માએ જવાબ આપતાં કહ્યું : 'દીકરા, શું ભગવાન જુદા જુદા હોઈ શકે ? બધા ભગવાન એક જ છે.' એક વખત શેખ મુફેતને સ્વપ્નમાં માનાં દર્શન પણ થયેલાં ત્યારથી તેણે મા શારદાને

**અનુસંધાન પેજ નં. ૧૯ પર**

# (૯) પૂજ્ય શ્રીમોટાનાં સંસ્મરણો-૨

**પૂનમભાઈ રણછોડભાઈ પટેલ**

ફાધર સૂર્યા સરપંચ વારંવાર પૂજ્ય શ્રીમોટાના દર્શને જતા હોવાથી તેમની સાથે અત્યંત ગાઢ મૈત્રી તથા આત્મીયતા ગંઠાઈ ગયેલી હતી. આશ્રમથી જતાં આવતાં પૂજ્યશ્રી ફાધરના મિશનમાં પધારતા હતા. મિશનના પ્રાર્થનાના કાર્યક્રમમાં વહેલી સવારે પધાર્યા અને એક કલાક કાર્યક્રમમાં હાજરી આપી. સમય દરમ્યાન સ્હેજ પણ ઉધરસ આવી ન હતી ને શરીર સમાધિસ્થ થયેલું જણાતું હતું. છાત્રાલયનું ઉદ્‌ઘાટન કરી વૃક્ષારોપણ ઔન્દુબરનું રાખ્યું હતું. તાળું તથા લેલું ફાધરને પરત કર્યું. સંસ્થા સંસ્થાનું લઈ શકે નહિ આવા વહેવારી હતા. જમતી વખતે મને ‘અલ્યા ભજિયાં લાવ, હું માંગુ નહિ તો તું ભૂખે મારી નાખું ભાઈ’ એમ કહેલું.

આંકલાવની જૈન બહેનોએ - તિસલા ભજનમંડળે રાશગરબા ગાઈ મોટાને રાજી કર્યા હતા. તેઓને આશીર્વાદ આપ્યા હતા. ફાધરને એકલા હાથે કામ કરતાં જોઈ તેમને અભિનંદન આપેલા. ભાષણમાં ફાધરે પૂજ્યશ્રીનો અંતરથી આભાર માન્યો હતો અને એમ બોલ્યા હતા કે પ્રેમ અગ્નિ જેવો છે તેનો સ્પર્શ થતાં જ અનુભવાય. પૂજ્યશ્રીએ જવાબમાં કહેલું કે દિલથી કરેલી પ્રાર્થના સંભળાય છે. અગાઉ નરસિંહ મહેતાની તથા મીરાંબાઈની પ્રાર્થના પ્રભુએ સાંભળી જ છે. તે દિવસે મારી આર્થિક સ્થિતિ સારી નહિ ને મેં પૂજ્ય શ્રીમોટાનો ઉત્સવ ઊજવવા નિમંત્રણ આપેલ. શ્રી નંદુભાઈએ મને બોલાવી પૂછી લીધું કે તમો કેવી રીતે ઉત્સવ ઊજવશો. મેં મારી બધી હકીકતો જણાવી એટલે તેમણે સમજી લીધું ને આ પડકાર મારા વતી મુ. ખુશાલભાઈ મહીનજીભાઈએ ઝીલી ઉત્સવ તેમણે ઊજવી લીધો હતો, એમનો હું ઋણી છું પણ તે દિવસે પૂજ્યશ્રી બોલ્યા કે મારા ગુરુમહારાજે મને કહ્યું છે કે ‘બોલ્યું ન પાળે તો તેને સાલાને મારજે’ ઠપકાર્યો ખરો પણ માર્યો નથી. અનાથ બાળકોને રાખી ઉછેરવાના આશ્રમનું ઉદ્‌ઘાટન તેમના વરદ હસ્તે મિશનમાં રાખેલું પૂજ્યશ્રી ઉદ્‌ઘાટન કર્યા પછી પ્રવચનમાં બોલ્યા કે ફાધર સૂર્યા સાહેબ, પત્તીયા-કોઢીલા દર્દીઓની સેવા કરવા તમારા દેશમાંથી બહેનો બ્રહ્માચારીની દિક્ષા લઈ આ દેશમાં આવે છે તેમને સ્પર્શ કરી દવાદારૂ કરી ઘા રુઝવે છે તેમ કરતાં મૃત્યુ પમાય તો મોક્ષ પમાય એવું જ્ઞાન સધાય છે ને મરતાં મરતાં ધન્યતા અનુભવે છે. જ્યારે અમો અમારા સગાભાઈઓને આવો રોગ હોય તો દૂર કરી દઈએ છીએ ત્યારે હિન્દુ તરીકે મને શરમ આવે છે અને ખ્રિસ્તી તરીકે તમારા પગમાં મારું મસ્તક નમે છે. ધન્ય છે આ બહેનોને. મેં ગિરીપ્રવચનો વાંચ્યાં છે. ઈસુ ખ્રિસ્તે ભૂલેલાને માર્ગ બતાવવાનું કહ્યું છે નહિ કે જનસંખ્યા વધારવાનું. અમારી સંસ્કૃતિ પાંચ હજાર વર્ષ જૂની છે. ત્યાં આગળ તમારી સંસ્કૃતિ તો બાલ્ય અવસ્થાવાળી જ ગણાય. ભગવાન ઈસુ અને કૃષ્ણમાં ઘણું સામ્ય રહેલું છે. ઈસુ એટલે પ્રોપર નામ નહિ પણ આત્માને પરમાત્માનું નામ. પછી બહેનોની કૉફી પીધી. ફાધર પાસેથી ઉમરડાનાં ઝાડ મંગાવેલ જે હરિઃૐ આશ્રમ નડિયાદમાં રોપાવી ઉછેરેલ

હતાં. મને કહે કે અલ્યા આ મિશનમાં હું એટલા માટે આવું છું કે મને ફાધર દૂધના પાવડરની મોટી પેકિંગવાળી ગૂણો આપે છે જે મારા આશ્રમમાં દૂધને બદલે વપરાય છે.

પૂજ્ય શ્રીમોટાને ઉમેટામાં મારા મિત્ર શ્રી શાંતિલાલ જેઠાલાલ વ્યાસ બીડીના વહેપારીને ઘેર પધારેલા તે સમયે બોલ્યા કે હિન્દુઓનું સંગઠન નહિ હોય તો એમના રાજદ્વારી હકો ભોગવી શકશે નહિ. વારંવાર ફળાઉ વૃક્ષો-આંબા ઉછેરવાનું સૂચવતા હતા.

એક ઉત્સવમાં નડિયાદમાં પૂજ્યશ્રીએ શ્રી લલિતચંદ્ર દલાલ સાહેબના ધર્મપત્ની મિનાક્ષીબહેન પાસે સામે ચાલી સોનાના દાગીના માગતા તેઓશ્રીએ દાગીના આપ્યા હતા.

રાસ ગામમાં મારા સગાની સંમતિથી લઈ ગયો હતો. પૂજ્યશ્રી ગાડીમાંથી નીચે ઊતર્યા કે તુર્ત જ જીવાભાઈ ફુલાભાઈ પટેલને પગે લાગ્યા અને એકદમ વહેવારીક ભાષામાં ‘ફુવા’ કહીને સંબોધ્યા. સાંજના તેમના હરિજન આશ્રમમાં સાથે રહેતા આશાભાઈ લલ્લુભાઈ પટેલ તથા તેમનાં ધર્મપત્નીને મળવા ગયા હતા. પરસ્પર જૂના સ્મરણો તાજાં કરી ખૂબ પ્રેમઘેલા બની ગયા હતા. બોરસદમાં સરદાર પટેલ ટ્રસ્ટ વતી ખંભાતી દરવાજા આગળ હાઈસ્કૂલનું ખાતમુહૂર્ત કરવા પધારેલા, ખૂબ તાપ હોવા છતાં ખાતમૂહૂર્ત કરેલું ત્યાં છત્રી ઢાંકવાનો મોકો મને મળેલ હતો. એ કહેતા કે એક હજાર રૂપિયા આપશે તેને ઘેર બધા રોગો છે પણ રોટલા ખાવા આવીશ. ભાદરણમાં સવારે નાહી ધોઈ સૂર્યનારાયણને નમસ્કાર ત્રણ વખત કરતા મેં જોયા છે.

સ્વાતંત્ર્ય સેનાની - મુ.પો. જોષીકૂવા, તા. આંકલાવ, જિ. આણંદ
(તેઓશ્રીની નોંધપોથીમાંથી સંકલિત - સંપાદક) ❑

**અનુસંધાન પેજ નં. ૧૭ નું ચાલુ**

એક પીર-સંત તરીકે સ્વીકારેલાં.

**પારસી ધર્મ :** મુંબઈથી એક પારસી યુવક માના દર્શનની અભિલાષાથી મા જ્યારે ઉદ્‌બોધન આશ્રમમાં ગંભીર બીમારીથી પથારીવશ બની ગયેલાં ત્યારે ગયેલા. તેમનાં દર્શન, મંત્રદીક્ષા, ભક્તોને મળવાનું વગેરે બંધ રાખવામાં આવ્યું હતું. આ પારસી યુવકને સ્વામી વિવેકાનંદના ગ્રંથો વાંચીને અધ્યાત્મ તરફ આકર્ષણ થયેલું. સ્વામી શારદાનંદ એને મળીને ખુશ થઈને તેને નીચેના રૂમમાં રાહ જોવાનું કહેલું. એને ઉપર મા પાસે જવાની રજા ન મળી. કોણ જાણે કેવી રીતે આ વાતની માને ખબર પડી ગઈ અને માએ એક શિષ્યને પેલા યુવકને ઉપર બોલાવીને મળવા માટે બોલાવ્યો. માએ તેની સાથે થોડી વાતચીત કરી અને મંત્રદીક્ષા પણ આપી. આ યુવક મુંબઈ સિનેમજગતના પ્રખ્યાત અભિનેતા અને નિર્માતા સોહરાબ મોદી હતા.

આજે ૨૧મી સદીમાં હિન્દુ, ઈસ્લામ, ખ્રિસ્તી વગેરે ધર્મો વચ્ચે અને ખુદ એક જ ધર્મના જુદા જુદા સંપ્રદાયો વચ્ચે નાના-મોટા અત્યાચારો ગુજારવાના બનાવો અને યુદ્ધો થતાં જ રહે છે. ત્યારે ૧૯મી સદીના રૂઢિચુસ્ત સમાજનાં અશિક્ષિત ગ્રામીણ મહિલાઓ ધર્મ અને જ્ઞાતિબંધનો ભુલાવીને તેમજ હિન્દુ ધર્મના વૈષ્ણવ, શૈવ કે શાકત સંપ્રદાય પાળતા ઘણા લોકોએ મા શારદાને ‘મા’ના વ્હાલસોયા નામથી સંબોધન કરેલું જે દર્શાવે છે કે મા સર્વધર્મ સમભાવિની હતી. ❑

# (૧૦) ઈડા, પિંગલા ઔર સુષુમ્ણા નાડી

**સાવલીના સ્વામીજી**

સુષુમ્ણા નાડી જાગૃત થાય ત્યારે શરીરમાં ઘણી ગરમી થાય છે. સુષુમ્ણા જ્ઞાનનાડી છે. ઈડા ઔર પિંગલા-સૂર્ય ઔર ચંદ્ર યે દો હી નાડીઓં કા અનુભવ સામાન્ય જનોને હોય છે.

ક્યારેક સૂર્ય નાડી ચાલતી હોય છે, ક્યારેક ચંદ્ર. કૌન સી નાડી ચલતી હૈ ઔર કિતની તેજ ચલતી હૈ ઉસ પર સે અમુક કાર્ય સિદ્ધ હોગા યા નહીં હોગા વો કહા જાતા હૈ. **નાડી-સ્વર પરીક્ષા કા એક શાસ્ત્ર હૈ.** અમુક કામ અમુક નાડી ચાલતી હોય ત્યારે કરાય તો સારું જ પરિણામ આવે અને વિપરીત નાડી ચાલતી હોય ત્યારે કરીએ તો ઊલટું પરિણામ આવે. **પ્રાણ ઔર અપાન દોનોં કી ગતિ કો સંતુલિત કરના હી પ્રાણાયામ હૈ.**

સુષુમ્ણા નાડી તો જ્ઞાનનાડી હૈના ? તો જેમ જેમ સુષુમ્ણા જાગૃત થઈ એને પછી ભૂત, ભવિષ્ય ઔર વર્તમાન ત્રણે કાળની ખબર પડે. અહીં બેઠાં બેઠાં એ બધું જોઈ શકે, સાંભળી શકે. રડાર હોય છે ના ? રડારને કારણે ખબર પડે છે કે પાકિસ્તાન તરફથી અમુક વિમાન અમુક કિ.મિ.ની ગતિથી આવી રહ્યું છે. **જિસ મનુષ્ય ને રડાર બનાયા તો ઉસ કી ખોપડી મેં કહીં ન કહીં રડાર હોગા હી.** હમારે શરીર મેં યે સબ ઈલેક્ટ્રોનિક્સ હૈ. જૈસે હમ ફોન સે બાત કરતે હૈં, વાયરલેસ સે કરતે હૈં-વૈસી હી શક્તિ ટેલિપથી કી હૈ. સુષુમ્ણા નાડી જ્ઞાનનાડી હૈ. ઉસ સે સભી પ્રકાર કે જ્ઞાન સિદ્ધ હોતે હૈં.

સ્થૂળ, સૂક્ષ્મ, કારણ ઔર મહાકારણ-ચાર પ્રકાર કે શરીર હોતે હૈં. લેકિન આપણને તો સ્થૂળ કે સિવા ઔર કિસી કા અનુભવ હી નહીં. **સૂક્ષ્મ શરીર સે હમ કહીં ભી જા સકતે હૈં, કિસી કો ભી મિલ સકતે હૈં.**

મેં પૂછ્યું, 'સ્વપ્નાનુભવ વખતે સૂક્ષ્મ શરીર કામ કરતું હોય છે ?'

સ્વામીજીએ કહ્યું, 'નહીં.' સ્વપ્ન બીચ કી સ્થિતિ હૈ. ન જાગૃત ન ચ સુષુપ્તિ. તુમ પૂરે સોયે ભી નહીં, પૂરે જાગૃત ભી નહીં-ઐસી સ્થિતિ કા નામ સ્વપ્ન હૈ. ઈસલિયે તો **જીવન કો ભી સ્વપ્નવત્ માના ગયા હૈ. જિંદગી માનો એક લંબા સપના હૈ. જો ન સચ માલૂમ હોતા હૈ, ન જૂઠ.** કોઈને પણ નિદ્રા સળંગ હોતી જ નથી. દોઢ કલાક નિદ્રા, દોઢ કલાક સ્વપ્ન, ફિર દોઢ કલાક નિદ્રા-એમ ચાલતું હોય છે. સામાન્ય લોકો, જેમના ખાનપાનનું કોઈ ઠેકાણું નથી એમને ગાઢ નિદ્રા ઓછી અને સ્વપ્નનિદ્રા જ વધારે આવતી હોય છે અને એમનાં સ્વપ્નાંનો કોઈ અર્થ પણ હોતો નથી.

**સ્વપ્ન કા ભી એક શાસ્ત્ર હૈ.** માણસ સમતોલ આહાર લેતો હોય, સમયસર ઊંઘતો હોય તો એને રાતના સાડાત્રણથી પાંચ સુધીમાં કોઈ સ્વપ્ન આવે એનું કાંઈ અર્થઘટન થઈ શકે છે. બાકી તો સબ અગડંબગડં. જ્યાદા ખાને સે ઔર ભૂખે રહને સે ભી સપને આતે હૈં. યહાં ગળાની ડાબી બાજુએ એક નાડી છે. ઉસકો

**અનુસંધાન પેજ નં. ૨૫ પર**

## (૧૧) શ્રીમોટા : પ્રસંગરંગ 'મંડી પડો અમે તમારી સાથે છીએ' કાર્તિકેય અ. ભટ્ટ

'મોટાચરણે'ના રચયિતા મારા પરમ પૂજ્ય પિતાજી પ્રા. એ. જી. ભટ્ટના અનન્ય વિદ્યાર્થી, ગુજરાત લૉ સોસાયટીની વિનયન કૉલેજના સંસ્કૃત વિભાગના નિવૃત્ત અધ્યક્ષ, શ્રી અરવિંદ અને માતાજીના અનન્ય ભક્ત તથા તેમના આધ્યાત્મિક સાહિત્યના લેખક તથા અનુવાદક પ્રા. શ્રી મકરંદ બ્રહ્મા અને તેમનાં પત્ની પ્રાધ્યાપિકા શ્રીમતી નલિનીબહેન બ્રહ્માએ આશરે ૫૦ વર્ષ પહેલાનાં એક પ્રસંગને યાદ કરતા મને કહ્યું, 'આશરે ૧૯૭૨ની સાલ, નડિયાદ' મૌનમંદિરમાં અઠવાડિયું રહ્યા પછી અમે બહાર આવ્યાં ત્યારે પૂ. મોટા આશ્રમમાં જ હતા. અમે પ્રણામ કરવા ગયાં. તેમના પૂછવાથી મેં જણાવ્યું કે હું સંસ્કૃતનો અધ્યાપક છું. મેં પ્રણામ કરી વિનંતી કરી, 'મોટા આશીર્વાદ આપો.' તેઓશ્રીએ કહ્યું, 'તમે સંસ્કૃતના પ્રોફેસર છો.' 'આશીર્વાદ'નો અર્થ શો થાય એ તમે જાણો છો. યુવાન છો, મંડી પડો. અમે તમારી સાથે છીએ. આજે ૮૩ વર્ષના પ્રાધ્યાપક મકરંદ બ્રહ્માના આ પ્રસંગની તેમની પાસેથી નોંધ કર્યા પછી 'આશીર્વાદ' શબ્દના ચોક્કસ આધારભૂત અર્થની શોધમાં લાગી જવાનું થયું.

શ્રીમદ્ ભાગવતના પ્રખર સ્વાધાયી, સાહિત્યાચાર્ય આદરણીય ડૉ. રાધેશ્યામ ત્રિવેદી સાથે 'આ શબ્દની ચર્ચા થતાં તેમણે પૂરતી વિચારણા પછી 'આશીર્વાદ'ની આ વ્યાખ્યા દર્શાવી.' 'માનનીય વ્યક્તિને વાત્સલ્યભાવપૂર્વક અલ્પવયની વ્યક્તિને કરેલું, અપેક્ષિત વસ્તુનો સત્ય નિશ્ચિય કરનારું માંગલ્યપ્રદ અમોઘવચન આશીર્વચન, આશીર્વાદ કે આશિષ કહેવાય છે.' અહીં નોંધવું જોઈએ કે 'અલ્પવય' શબ્દ માત્ર ઉંમર સાથે નહીં પરંતુ પ્રણામ કરનારની કે આશીર્વાદની યાચના કરનારની મનની કક્ષા સાથે જાય છે. એમ સાંભળવામાં આવ્યું છે કે મીરામ્બા ડિવાઇન મધર આશીર્વાદનો અર્થ અમે તમારી સાથે છીએ એવો કરે છે.

આશીર્વાદની અભીપ્સાથી જ્યારે કોઈને પ્રણામ કરવામાં આવે છે ત્યારે શું થાય છે ! એની સમજૂતી આપતાં શ્રી શ્રીમાઆનંદમયીએ કહ્યું હતું, 'તમે જ્યારે કોઈ આદરણીય વ્યક્તિ કે કોઈ સંન્યાસીને ખરા મનથી પ્રણામ કરો છો ત્યારે તે વ્યક્તિમાંથી પ્રેમનો એક વિદ્યુતપ્રવાહ વહેવા લાગે છે. આ પ્રવાહ તમારાં વિઘ્નો અને અંતરાયોને દૂર કરીને તમારું મંગલ અને તમારું કલ્યાણ કરે છે, એ તમારાં લક્ષ્ય સુધી તમે પહોંચો તે માટેનું બળ આપે છે. શક્તિ તો હંમેશાં હોય જ છે પરંતુ તેની સાથે તમારો સંપર્ક થવાથી સંવાદિતા સ્થપાય છે અને દ્વૈતભાવ દૂર થાય છે. જેમ વૃક્ષને જળસિંચન કરવાથી ફળ લાગે છે તેમ આશીર્વાદરૂપી જળના અભિષેકથી તમારી શક્તિનો વિકાસ થાય છે.' બીજા એક પ્રસંગે શ્રીમાએ કહ્યું હતું જ્યારે આશીર્વાદની ઇચ્છાથી વ્યક્તિનું મસ્તક તે દેવ અથવા સંતનાં ચરણોને સ્પર્શે છે ત્યારે એમની શક્તિ તમારા મસ્તકમાં પ્રવેશે છે. મનુષ્યનું મુખ્ય અંગ તેનું મસ્તક કહેવાય છે. જ્યારે તમે (આશીર્વાદની ઇચ્છાથી) એમનો ચરણસ્પર્શ કરો અને એમના હાથ તમારા મસ્તક પર મુકાય છે ત્યારે એમની આંગળી દ્વારા શક્તિ તમારામાં સંક્રાંત થાય છે. ❑

# (૧૨) એક નિવેદન

ડૉ. શૈલેષ ગોટી

સ્નેહીમિત્રોને ભેટ આપવા જેવું પ્રેરણાદાયી પુસ્તક 'શ્રી પ્રભાશંકર પટ્ટણી વ્યક્તિત્વદર્શન' પેજ-૩૫૦, પાકું પૂઠું, ફોટોગ્રાફ્સ સહિત, કિંમત રૂ. ૫૦/-

(હરિઃૐ આશ્રમના સહયોગથી રાહતદરે)

પૂજ્ય શ્રીમોટાને શ્રી પ્રભાશંકર પટ્ટણીના જીવનનું સવિશેષ આકર્ષણ હતું. એટલે જ એમના જીવનચરિત્રને પ્રગટ કરવાની ખૂબ ઉત્કટ ઈચ્છા એમણે શ્રી મુકુંદભાઈ પારાશર્યને દર્શાવેલી. એ અંગે લખવાની બેત્રણ વાર વિનંતી પણ કરેલી. શ્રી મુકુંદભાઈના સંનિષ્ઠ પ્રયાસ છતાં એમની નાદુરસ્ત તબિયત, કૌટુંબિક પ્રતિકૂળ સંજોગોએ ઈચ્છા પૂર્ણ કરવામાં વિઘ્નરૂપ નીવડ્યા. સર પ્રભાશંકર પટ્ટણીએ પોતાના જીવનકવન વિષે ન લખાય એવી ઈચ્છા કુટુંબીજનો તથા મિત્રોને પ્રબળપણે વ્યક્ત કરેલી. તેને વફાદાર રહેવાનું વલણ ઊંડે ઊંડે મુકુંદભાઈના મનમાં હોય એ કારણે પણ ન લખી શકાયું હોય, પરંતુ શ્રી નંદુભાઈએ વારંવાર પત્રવ્યવહાર કરી શ્રીમોટાના દેહવિલયનાં ૭ વર્ષ પછી ૧૯૮૩માં શ્રી મુકુંદરાય પારાશર્યને આ કાર્ય કરવા માટે સંમત કર્યા જેના ફળસ્વરૂપે સમાજ માટે આ અમૂલ્ય ભેટ પ્રસાદી ઉપલબ્ધ થઈ છે.

ચારિત્ર્ય ઘડતર અને જીવનવિકાસ વિષેના ઉત્તમ ગુણ-ભાવને પ્રગટાવતું અનેરું પુસ્તક છે.

ઉદારતા, વિશાળતા, સહનશીલતા, ધીરજ, શાંતિ, પ્રસન્નતા, હિંમત, સાહસ, અભય, નમ્રતા, ત્યાગ, દયા, કરુણા, ક્ષમા, તટસ્થતા, વહીવટકુશળતા, વડીલો પ્રત્યેનો આદરભાવ, વિરોધીઓ સાથેનો મૌલિક વ્યવહાર વગેરે અનેક ગુણો વિકસાવવા અવશ્ય વસાવો.

દરેક પરિવારે વસાવવા જેવું ઉત્તમ પુસ્તક છે.

પ્રભાશંકર પટ્ટણી એટલે ભારત દેશની આઝાદી વખતે ૫૬૨ રજવાડાંઓ પૈકી ભારતમાતાના ચરણે સૌપ્રથમ રાજ્ય સમર્પિત કરનાર પ્રાતઃસ્મરણીય મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજીનો રસપૂર્વક ઉછેર કરનાર મહામાનવ.

મહારાજા કૃષ્ણકુમારસિંહજી ઈ.સ. ૧૯૪૮માં મદ્રાસ રાજ્યના ગવર્નર તરીકે નિમાયા ત્યારે માસિક એક રૂપિયાનું માનદ્ વેતન સ્વીકારી પ્રજાસેવાનો તેમજ ત્યાગનો ઉત્તમ દાખલો બેસાડ્યો હતો. બાળપણમાં જ માતા-પિતાની છત્રછાયા ગુમાવી ચૂકેલા મહારાજા એકાંતપ્રિય અને વિચારશીલ હતા કેમ કે કુશળ રાજનીતિજ્ઞ અને દૂરંદેશી એવા ભાવનગર રાજ્યના દીવાન શ્રી પ્રભાશંકર પટ્ટણી દ્વારા તેમનું જીવન ઘડતર થયું હતું.

મહારાજા કૃષ્ણકુમારસિંહજીનું બહોળું વાંચન, સરળ જીવન, પ્રકૃતિપ્રેમ અને સ્વતંત્ર વિચારસરણીના કારણે ભારતના બદલાઈ રહેલાં ભવિષ્યનાં પગરણ અગાઉથી તેઓ પિછાની શક્યા હતા. એ કાળમાં આવી તટસ્થતા અને દૂરંદેશીપણાની સમજ બહુ ઓછા રાજવીઓમાં

હતી. આથી સૌરાષ્ટ્રના રાજવીઓમાં તો તેમનું વ્યક્તિત્વ અનેક રીતે જૂદું પડતું હતું. ભારતમાં ચોતરફ તેમની વહીવટ કુશળતા અને ઉદારતાનાં ગુણ ગાન ગવાતાં હતાં.

સમાજમાં ઉત્તમ ગુણ અને ભાવના પ્રચાર પ્રસાર થાય તે હેતુથી પૂજ્ય શ્રીમોટાની જન્મતિથિ ભારદવા વદ ચોથ તા. ૨-૧૦-૨૦૨૩ના રોજ 'શ્રી પ્રભાશંકર પટ્ટણી વ્યક્તિત્વદર્શન' પુસ્તકની ચોથી આવૃત્તિ રાહતદરે પ્રગટ થઈ રહી છે.

આ પુસ્તકની મર્યાદિત નકલો જ છપાવવાની હોવાથી જે કોઈ સ્વજનો જથ્થાબંધ સંખ્યામાં ૧૦/૨૦/૫૦/૧૦૦ પુસ્તકો ખરીદવા ઈચ્છતા હોય તેમણે પોતાનો એડવાન્સ ઓર્ડર નામ, સરનામું, ફોન નંબર અને પુસ્તકોની સંખ્યા ૨૦-૯-૨૦૨૩ સુધીમાં +૯૧-૯૮૨૫૮ ૬૨૦૬૩ મેહુલભાઈ પટેલને વોટ્સઅપ મેસેજ દ્વારા અથવા ફોન દ્વારા નોંધાવવા વિનંતિ છે. પુસ્તકોનું પેમેન્ટ હમણાં કરવાનું નથી. પુસ્તકની પ્રિન્ટ આવી ગયા બાદ ઑક્ટોબર મહિનામાં પુસ્તકનું કુલ પેમેન્ટ, કુરિયર ચાર્જ વગેરે અંગે આપને ફોન દ્વારા જાણ કરવામાં આવશે. આશા છે કે વીતેલ યુગના મહારથીઓમાંના એક એવા શ્રી પટ્ટણીજીના જીવનમાંથી નવી પેઢીને પ્રેરણા મળ્યા કરશે. કોઈના જીવનને સહેજ ઊંચું લાવવામાં પણ એ ફળીભૂત થશે તો અમારો આશય સાર્થક નીવડશે.

મૅનેજિંગ ટ્રસ્ટી, હરિઃૐ આશ્રમ, સુરતના પત્રના આધારે ❑

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન/ભેટ

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | નંદકુમાર ડી. ચાવડા (સ્વ. જીવનસાથી તરુલતાબહેન નંદકુમાર ચાવડાના આત્મકલ્યાણ નિમિત્તે જ્ઞાનદાન ભેટ) | વડોદરા | ૧૫,૦૦૦/- |
| ૨. | રમણલાલ એમ. પટેલ (જ્ઞાનદાન ભેટ) | નડિયાદ | ૧૧,૦૦૦/- |
| ૩. | ધ્રુલતાબહેન ધીરેનભાઈ પાઠક (જ્ઞાનદાન ભેટ - ઑક્ટોબર ૨૦૨૩ માટે) | સુરત | ૧૧,૦૦૦/- |
| ૪. | એક સ્વજન | સુરત | ૧,૧૧૧/- |
| ૫. | મનોજ બારાઈ | બૅંગલોર | ૧,૦૦૦/- |
| ૬. | નાથાલાલ આર. પ્રજાપતિ | વડોદરા | ૫૦૧/- |
| ૭. | ભરતભાઈ હસમુખલાલ જોગી | સુરત | ૫૦૧/- |
| ૮. | દેવલ પી. જાની | મુંબઈ | ૫૦૧/- |
| ૯. | ગુણવંતભાઈ બી. ભૂંગરિયા | અમદાવાદ | ૫૦૧/- |

**ઉપરોક્ત સર્વે દાતાઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ. - સંપાદક**

## (૧૩) ઉપાધિ સંસારમાં નથી, પણ મનમાં છે

**સ્વામી રામદાસ (પપ્પા)**

રામદાસ ચિત્રકૂટ જઈ રહ્યા હતા. એક વણિક પણ ચિત્રકૂટ જઈ રહ્યો હતો. એ કારણે એ રામદાસ સાથે જોડાયો. રામદાસ સ્વામીની સેવા કરવાનો પોતાને લાભ મળશે એવી પણ એની ભાવના હતી. રામદાસના પગ ચાંપવા માંડ્યા. એ વખતે એણે દિલ ખોલી પોતાની હકીકત કહેવા માંડી.

'મહારાજ, આ સંસાર પર મને કંટાળો આવ્યો છે. મારે પણ સંન્યાસ લેવાની ઇચ્છા છે. આ જગતની આધિ, વ્યાધિ તથા ઉપાધિથી હું ત્રાસીને નાસી છૂટ્યો છું. આપનો શિષ્ય બનાવી મને આપનાં ચરણમાં આશરો આપો.'

**રામદાસે જવાબ આપ્યો, 'રામજી, તને જે ઉપાધિ લાગે છે, તે સંસારમાં નથી પણ તારા મનમાં છે. તારા મનનો એક ભ્રમ છે.'** તારા અંતરાત્મા પર ચઢેલું આવરણ દૂર કરવાની ઉત્કટ અભીપ્સા જ્યાં સુધી તારા અંતરમાં જાગી નથી, ત્યાં સુધી માત્ર બહારના સંન્યાસથી કશું વળવાનું નથી. એ તો ઓલામાંથી ચૂલામાં પડવા જેવું થશે. આ સંસાર અને આ જીવનની સાચી સમજથી જ ખરું સુખ આવે છે. સાચી સમજ સાચી દૃષ્ટિથી આવે છે. આ સાચી અગર દિવ્ય દૃષ્ટિ ઈશ્વરના - સત્યના સાક્ષાત્કારથી પ્રાપ્ત થાય છે. જો જે ભૂલમાં પડતો. સંસારમાંથી નાસી છૂટીને મુક્તિ કે અખંડ શાંતિ નથી મળવાની. પહેલાં તો અંતઃકરણમાં જ ખોજ કર. મોક્ષ અને આનંદ બન્ને અંતરમાં જ છે. કામ, ક્રોધ અને મોહને જીતવાથી એ માર્ગે જવાય છે. રામદાસનો ભરોસો ન રાખીશ. એનું કામ શિષ્યો કરવાનું નથી. એ તો માત્ર માર્ગ બતાવી શકે. એ માર્ગે ચાલવામાં મહેનત અને ઉદ્યમ તો તારે જ કરવાં પડશે. માટે રામદાસને નહિ, પણ સત્યને અનુસર.'

બીજે દિવસે પ્રાતઃકાળે ગાડી ચિત્રકૂટ સ્ટેશને પહોંચી. ગાડીએથી ઊતરી એ બન્ને જણ ચિત્રકૂટને રસ્તે ચાલવા લાગ્યા. સ્ટેશનથી પહાડ ત્રણ માઈલ હતો. રસ્તામાં વણિકને રામદાસે પૂછ્યું, 'રામજી, ચિત્તને એકાગ્ર કરવા કંઈ સાધના-બાધના કરો છો ?' 'કેમ નહિ ! હું વારંવાર નામસ્મરણ કરું છું.' 'વારંવાર નહિ પણ આખો વખત કરવું જોઈએ તથા મનમાં અખંડ સ્મરણ ચાલ્યા જ કરવું જોઈએ.'

'એ બાબત આપ ચિંતા ના કરશો.'

રામદાસે વણિકને ફરી સમજાવ્યો, 'રામજી, રામદાસનો સંગ છોડી દો. તમે તમારા રસ્તે જ જાઓ, કારણ રામદાસને તો એકલા જ રખડવાની ટેવ છે. રામદાસનો રસ્તો કષ્ટમય તથા ભયંકર છે. એને પોતાને જોખમનો કંઈ ડર નથી તેમ મોતનો પણ ભય નથી, રામદાસની સાથે આવવાથી તમને ખૂબ અગવડ પડશે અને ઘણું દુઃખ વેઠવું પડશે.'

'મને પણ કશાનો ડર નથી. આપ જેમ રહેશો તેમ હું રહી શકીશ. મેં તો આપની જ સોબતમાં રહેવાનો નિશ્ચય કર્યો છે.'

રામદાસે ભગવાનની જેવી મરજી એમ માની ગામની મધ્યમાં વહેતી મંદાકિનીના એક ઘાટ ઉપર આસન જમાવ્યું. પેલા વણિકે એક હજામને બોલાવી કહ્યું કે મારે સંન્યાસી થવું છે. મારું

માથું મૂડી નાખ. પણ હજામે કહ્યું કે મને માફ કરો. તમારાં બૈરીછોકરાંની ગાળો મારે ખાવી નથી. તમારી સ્ત્રીના શાપનો મને ભય લાગે છે. છતાં વણિકે જેમ તેમ કરી માત્ર શિખા રાખવાનું સમજાવી મુંડન કરાવી લીધું. હજામને સારું વળતર પણ આપ્યું.

બીજે દિવસે પગપાળા યાત્રા દરમિયાન રામદાસે વણિકને રડતો જોયો. વણિકે કહ્યું કે મને મારી પત્ની તથા છોકરાંની યાદ આવે છે. તેઓને જણાવ્યા વિના જ હું નાસી આવ્યો છું. એમની ખાતર મારો જીવ બળે છે.

વણિકે પહેલાં એની સાળીની મુલાકાત કરી જેથી તેના દ્વારા પોતાની પત્ની સાથે સંધિ થઈ શકે. પણ સાળીએ વણિકને ખરેખરી સંભળાવી હશે એટલે મુલાકાત બાદ એ કહે, 'બાપરે શી તીખી જીભ છે ? જાણે અસ્ત્રાની ધાર ! બૈરીની જીભ તો સારી ! આ સંસારમાં મારાથી રહેવાશે જ નહિ.

આગળની યાત્રામાં વણિકને ભૂખ પજવે, રાત્રે ગરોળીના અવાજથી ઊંઘી ના શકે. ઠંડી અને ભયથી એ ધ્રૂજતો હતો. જંગલના નાગ, વાઘ, વરુની યાદ અને એની વાતથી એનો અવાજ વ્યાકુળ થઈ જતો.

વહેલી સવારે રામદાસ પ્રકૃતિદર્શન કરવા નીકળી પડેલા. પાછા આવ્યા તો વણિક ન દેખાયો. એક અન્ય સાધુએ જાણ કરી કે જાણે જમ પાછળ પડ્યા હોય એમ જીવ લઈને નાસતો મેં જોયો છે. પછી એ જ સાધુએ હસીને ઉમેર્યું કે 'સાધુ જીવન એ કંઈ બચ્ચાના ખેલ નથી એમ એ વણિકને સમજાયું લાગે છે.'

'ઈશ્વરના સાંનિધ્યમાં', પ્ર. આ., પૃ. ૧૦૭ ❑

**અનુસંધાન પેજ નં. ૨૦ નું ચાલુ**

સ્વપ્નનાડી કહતે હૈં. વધારે ખોરાક લીધો હોય યા માણસ ભૂખ્યો સૂઈ ગયો હોય તો આ નાડી પર અસર થાય છે, અને સ્વપ્નાં આવે છે. જેને સાધના કરવી છે તેણે બહુ ઉપવાસ પણ કરવા નહિ જોઈએ ઔર જ્યાદા દબાકર ખાના ભી નહીં ચાહિયે.

સપને કા તો કોઈ ઠિકાના હી નહિ. **આપણા મનમાં અનેક જન્મના અનુભવોનો રેકૉર્ડ હોય છે.** એમાંથી ગમે તેનું સ્વપ્ન આવે. મામલતદાર બદલાયા કરે. રેકૉર્ડ તો ઑફિસમાં પડ્યો જ રહે. એમ **શરીર-ખોળિયું બદલાયા કરે, પણ દરેક જન્મનો રેકૉર્ડ આપણી ખોપડીમાં રહેતો હોય છે.** અમે આટલાં વર્ષથી અહીં સાવલીમાં આવ્યા છીએ, પણ ક્યારેય સાવલી ગામમાં ગયા નથી. તોપણ અમને દરેકના ઘરનું બારણું કઈ દિશામાં છે અને કોનું ઘર કેવું છે એની જાણ છે, કેમ કે અમે આ જન્મમાં નથી ગયા પણ અગાઉના જન્મમાં ગયા હોઈએ એનો રેકૉર્ડ હોય !

'જિજ્ઞાસુની ડાયરી', બી.આ., પૃ. ૯૮ ❑

**નવા પુસ્તક પ્રકાશન અંગે...**

પૂજ્ય શ્રીમોટા વિરચિત 'નિમિત્ત' - એક અભ્યાસ-નામે પુસ્તક શ્રી કાર્તિકેય ભટ્ટ દ્વારા લખાયું છે. પૂજ્ય શ્રીમોટાના નડિયાદ અને સુરત આશ્રમમાં રૂ. ૬૦/-ની મૂલ્ય કિંમતે ઉપલબ્ધ છે. અભ્યાસુઓએ તે વસાવવા લાયક છે.


- સંપાદક

## ‘હરિભાવ’ માસિકનું સપ્ટેમ્બર-૨૦૨૩ બાદ જેઓનું લવાજમ પૂરું થાય છે તેમની યાદી

| નંબર | નામ | ગામનું નામ | નંબર | નામ | ગામનું નામ |
|---|---|---|---|---|---|
| ૮૬૫૧ | અંબાલાલ એલ. પટેલ | તલોદ | ૮૬૯૦ | મૂકેશભાઈ ચૌહાણ | દાહોદ |
| ૮૬૫૩ | અમિતભાઈ નાથાની | ગોધરા | ૮૬૮૯ | નવીનભાઈ શિખલીગર | દાહોદ |
| ૮૬૪૧ | અમરતભાઈ બી. પટેલ | અમદાવાદ | ૩૫૯૦ | નિવેદિતા એસ. વૈદ્ય | સુરત |
| ૮૬૫૬ | અનિલભાઈ આર. સોની | ગોધરા | ૮૬૮૫ | પરવતભાઈ એમ. માવી | દાહોદ |
| ૮૬૫૪ | આશિષ એમ. શાહ | અંકલેશ્વર | ૮૬૯૪ | પ્રભાકર જી. મરાઠે | સોનગઢ |
| ૮૬૫૯ | બાબુભાઈ વી. પરમાર | દાહોદ | ૮૬૬૪ | પૃથ્વીસિંહ આર. પુવાર | દાહોદ |
| ૮૬૬૬ | ભરતભાઈ કે. પટેલ | ગોધરા | ૮૬૪૭ | રાજુભાઈ એન. શાહ | ગોધરા |
| ૮૬૬૧ | ભાસ્કરભાઈ જે. તલાટી | પીપલોદ | ૮૬૮૨ | રોનકકુમાર બી. બારિયા | દાહોદ |
| ૮૬૬૩ | ભીમજીભાઈ એમ. ભરવાડ | દાહોદ | ૮૬૫૫ | સંજય એન. શાહ | ગોધરા |
| ૮૬૪૫ | ચંપાબહેન સી. પટેલ | અમદાવાદ | ૮૬૭૯ | સંજયકુમાર આર. બીસેન | દાહોદ |
| ૮૬૬૭ | દક્ષેશકુમાર એલ. પંડ્યા | ગોધરા | ૮૬૭૭ | સરલાબહેન ડી. ડામોર | દાહોદ |
| ૮૬૫૧ | દેવેનભાઈ વર્મા | સુરત | ૮૬૮૭ | શકીલભાઈ કાપડિયા | દાહોદ |
| ૮૬૮૮ | દિલિપભાઈ બી. પટેલ | દાહોદ | ૮૬૭૩ | સીમાબહેન એસ. પટેલ | ગોધરા |
| ૮૬૫૦ | દિનેશભાઈ બી. મોઢિયા | દાહોદ | ૮૬૭૫ | સ્નેહલકુમાર કે. ચૌધરી | દાહોદ |
| ૮૬૬૯ | દિવાકરભાઈ સી. પટેલ | દાહોદ | ૮૬૪૯ | સુભાષભાઈ એન. શાહ | દાહોદ |
| ૮૬૬૨ | દિવ્યેશકુમાર એ. શેઠ | દાહોદ | ૮૬૫૨ | સુનિલભાઈ શાહ | દાહોદ |
| ૮૬૭૮ | ગણપતભાઈ આર. જાદવ | વડોદરા | ૮૬૭૧ | સુરેશભાઈ વી. ડિંડોળ | દાહોદ |
| ૮૬૮૩ | હંસાબેન એમ. બારિયા | ગોધરા | ૮૬૮૧ | તૃપ્તિબહેન એમ. વાસિયા | દાહોદ |
| ૮૬૫૭ | હિનાબહેન શાહ | દાહોદ | ૮૬૬૫ | તુષાર જી. સોની | ગોધરા |
| ૮૬૬૦ | હિતેશકુમાર જે. શાહ | દાહોદ | ૮૬૮૪ | વાલભાઈ વી. વણકર | દાહોદ |
| ૮૬૮૦ | ઈન્દ્રજીતસિંહ આર. બારિયા | દાહોદ | ૮૬૭૦ | વિજુભાઈ એન. મુનિયા | દાહોદ |
| ૮૬૭૪ | જિગ્નેશકુમાર એચ. જાની | દાહોદ | ૮૬૪૮ | વિનેશભાઈ આર. દલાલ | દાહોદ |
| ૮૬૭૬ | કનકસિંહભાઈ ડી. મુનિયા | દાહોદ | ૮૬૮૬ | વિનુભાઈ પી. વલવાઈ | દાહોદ |
| ૮૬૫૮ | મહેશકુમાર સી. શાહ | દાહોદ | ૮૬૬૮ | વિપુલકુમાર એમ. રાવત | દાહોદ |
| ૮૬૯૬ | મંજુલાબહેન કે. રાણા | સુરત | | | |

ઉપરોક્ત સ્વજનશ્રીઓને વિનંતી છે તેઓ ‘હરિભાવ’નું લવાજમ વહેલી તકે જમા કરાવે જેથી આગામી ઑક્ટોબર-૨૦૨૩ અને તે પછીના અંક મેળવી શકે. - સંપાદક





વડોદરા નિવાસી પૂજ્ય શ્રીમોટાના સ્વજન અને જેમના હાથે પોતાના ઘરે પૂજ્ય શ્રીમોટાની પધરામણી તથા પૂજા કરવા પામેલ, તે ૮૨ વર્ષનાં શ્રીમતી તરુલતાબહેન નંદકુમાર ચાવડા, તા. ૧-૮-૨૦૨૩ના રોજ સ્વર્ગવાસી થયેલ છે. પૂજ્ય શ્રીમોટા તેમનું યશકલ્યાણ કરે તેવી પ્રાર્થના તથા પૂજ્ય શ્રીમોટા તેમને તથા તેમના પૂરા પરિવારને આશીર્વાદ આપે છે, તેવા બે ફોટાઓ અત્રે પ્રકાશિત કરીએ છીએ.

- સંપાદક

**HARIBHAV, SEPTEMBER, 2023**

" RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2021-2023
Valid upto 31st December - 2023 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to Post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Prepayment of postage No. PMG/NG/004/2021-2023
valid upto 31-12-2023



**દુનિયા આપણી જ રાહે ચાલે, આપણા જ વિચારોને અનુસરે, આપણાં જ મૂલ્યાંકનો સ્વીકારે, આપણી જ રહેણીકરણીને અપનાવે અને આપણી જ લાગણીને માન આપે, એવી એવી આશાઓ સેવ્યા કરવાથી આપણે જ દુઃખી થઈએ છીએ.**

**- શ્રીમોટા**

*'જીવન સંદેશ', ૭મી આ., પૃ. ૧૨૧*

Printed and Published by SURESHCHANDRA M. VORA on behalf of HARIWANI TRUST and
Printed at Sahitya Mudranalaya pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road,
Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor : SURESHCHANDRA M. VORA E-mail : hariwanitrust@gmail.com

**If Undelivered Please return to : 'Hariwani Trust'**
B/5, Swastik Apartment, Narayannagar, Paldi,
Ahmedabad - 380 007